RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૭૯ મહા સુદ-૧    રવિવાર, તા.૨૨-૦૧-૨૦૨૩    અંક : ૧૪૦ વર્ષ : ૨૦    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# ગેરમાર્ગે દોરતી જાહેરાતો માટે થશે ૫૦ લાખનો દંડ

## ૨૦૨૫ સુધીમાં, ભારતમાં સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરનું બજાર ૨૦ ટકાની વૃદ્ધિ સાથે ૨,૮૦૦ કરોડ સુધી પહોંચશે




નવી દિલ્હી,

સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર એક નવો કાયદો બનવામાં આવ્યો છે. જે કાયદામાં તેમને ૫૦ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.

સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર એટલે જેનાથી ઘણા લોકો પ્રભાવિત થતા હોય છે. સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર લોકોને પ્રભાવિત કરવા માટે ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, ટ્વિટર અને યુટ્યુબ જેવા માધ્યમો પર પોતાનો કન્ટેન્ટ શેર કરતા હોય છે. સરકારે સોશિયલ મીડિયા પર પેઈડ પ્રમોશન અને ગેરમાર્ગે દોરતી જાહેરાતોને રોકવા માટે નવો કાયદો બનાવ્યો છે. એક અહેવાલ અનુસાર, ૨૦૨૫ સુધીમાં, ભારતમાં સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરનું બજાર ૨૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨,૮૦૦ કરોડ સુધી પહોંચી જશે તેવો અંદાજ છે.સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી દ્વારા નવો નિયમ બનાવવામાં આવ્યો છે. નવા નિયમ અનુસાર, જો કોઈ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ દ્વારા કોઈપણ સામગ્રી અથવા કન્ટેન્ટનો ખોટી રીતે અથવા ગેરમાર્ગે લઈ જતી જાહેરાતમાં કરે છે, તો તેને ૫૦ લાખ રૂપિયાનો દંડનું પ્રાવધાન રાખવામાં આવ્યું, જો કે પ્રથમ વખત આ દંડ ૧૦ લાખ રૂપિયા છે, પરંતુ આ ભૂલ જો સતત થશે તો તેના માટે આ દંડની રકમ ૫૦ લાખ રૂપિયા ભરવી પડી શકે છે. નવા કાયદા અનુસાર, જો તમે કોઈપણ વસ્તુનો પ્રચાર કરી રહ્યા છો, તો તમારે તેના વિશે જાણવું પડશે તે જાહેરાતના તમને પૈસા મળ્યા છે કે નથી. લોકો એવું સમજે છે કે જો કોઈ મોટી સેલિબ્રિટી વસ્તુનું પ્રમોશન કરે છે.

# અનાર પટેલ ખોડલધામના નવા ટ્રસ્ટી, ૪૩ નવા ટ્રસ્ટીઓ જોડાયા

## રાજકોટ ખોડલધામ ટ્રસ્ટ દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે શૈક્ષણિક સંકુલ બનાવવાની જાહેરાત કરવામાં આવી



રાજકોટ, તા.૨૧

લેઉવા પાટીદાર સમાજના કુળદેવી ખોડિયાર માતાજીનું રાજકોટ સ્થિત ખોડલધામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને આજે છ વર્ષ પૂર્ણ થયા છે. ખોડલધામનો સાતમો પાટોત્સવ નિમિત્તે આજે આ ભવ્યથી ભવ્ય કાર્યક્રમ યોજાયો. ખોડલધામ ખાતેનાં આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા ગુજરાતના લેઉવા પાટીદાર ધારાસભ્યો મંત્રીઓ સહિતના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા છે. ખોડલધામ ખાતે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું સુતરની હારમાળાથી સ્વાગત કરવામાં આવ્યુ હતું.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ઉત્તર પ્રદેશના ગવર્નર આનંદીબેન પટેલના પુત્રી અનાર પટેલ બન્યા ખોડલધામ ટ્રસ્ટના નવા ટ્રસ્ટી બન્યા છે આ ઉપરાંત બીજા કુલ નવા ૪૩ ટ્રસ્ટીઓની થઈ જાહેરાત કરવામાં આવી છે. આ સાથે ખોડલધામ ટ્રસ્ટ દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે શૈક્ષણિક સંકુલ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે.ખોડલધામ ટ્રસ્ટમાં રાજકોટ જોડાયેલા નવા ટ્રસ્ટીઓની યાદીમાં જોઈએ તો તેમાં અનારબેન પટેલ, બીપીનભાઈ પટેલ, મૃગેશભાઈ કાળુભાઈ ઝાલાવાડીયા, જગદિશભાઈ ડોબરીયા, ગુણવંતભાઈ ભાદાણી, દુષ્યંતભાઈ ટીલાળા, વી.પી. વૈષ્ણવ, ચંદ્રકાંતભાઈ ભાલાળા, વિમલભાઈ પાદરીયા, સંજયભાઈ સાકરીયા, મનોજભાઈ સાકરીયા, રમેશભાઈ પાંભર, વિનુભાઈ સરધારા, કમલનયનભાઈ સોજીત્રા, ચંદુભાઈ પરસાણા, અશોકભાઈ પટેલ, પરસોત્તમભાઈ નારાણભાઈ જૈવરીયા, નિરવભાઈ દેવચંદભાઈ ખુંટ, ચતુરભાઈ રામજીભાઈ ચોડવડીયા, દિનેશભાઈ બટુકભાઈ સિયાણી, મનસુખભાઈ નારણભાઈ રાદડિયા, હિમતભાઈ બાબુભાઈ શેલડિયા, ભુપતભાઈ પોપટભાઈ રામોલિયા, ભરતકુમાર ત્રિભોવનદાસ પટેલ, રમેશભાઈ મેસિયા, ઘનશ્યામભાઈ પોપટભાઈ હીરપરા, દિનેશભાઈ ભગવાનભાઈ બાંભણિયા, નાગજીભાઈ નાનજીભાઈ શિંગાળા, સુસ્મિતભાઈ રોકડ, ધ્રુવભાઈ વિનોદભાઈ તોગડીયા, નૈમિષભાઈ રમેશભાઈ ધડુક, રસિકભાઈ મારકણા, કિશોરભાઈ સાવલિયા, નાથાભાઈ મુંગરા, જીતુભાઈ તંતી, નેહલભાઈ પટેલ, પ્રવિણભાઈ વલ્લભભાઈ પટેલ, કલ્પેશભાઈ તંતી, રમેશભાઈ કાથરોટીયા, મનીષભાઈ મંગલપરા, દેવચંદભાઈ કપુપરા, મનસુખભાઈ ઉંધાડ, રસિકભાઈ ઝાલાવાડિયા, પંકજભાઈ નાથાભાઈ ભુવા.

આ પ્રસંગે ખોડલધામનાં ટ્રસ્ટી નરેશ પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતુ કે ખોડલધામ એ માત્ર મંદિર નહીં પણ એક વિચાર છે. અને વિશ્વનું પહેલું એવું મંદિર છે કે જ્યાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો છે. આ ઉપરાંત તેમણે કહ્યું હતુ કે આ સિવાય ખોડલધામ મંદિરની ઘણી બધી વિશેષતાઓ છે. આ સૌરાષ્ટ્રના સંત અને સુરાની ભુમી છે.

# પહેલવાનોના ધરણાનો અંત

## ૪ સપ્તાહની અંદર આરોપોની તપાસ કરાશે પૂર્ણઃ જ્યાં સુધી તપાસ ચાલશે ત્યાં સુધી કુશ્તી સંઘના પ્રમુખ-ભાજપના સાંસદ વ્રજભૂષણ સિંહ પોતાના હોદ્દાથી દૂર રહેશે

નવીદિલ્હી

કુશ્તી સંઘ અને પહેલવાનો વચ્ચે ચાલી રહેલા વિવાદમાં રમત મંત્રીના ઘેર પહેલવાનોની મંત્રી અને અધિકારીઓ સાથે એક બેઠક મળી હતી. જેમાં આખાયે મામલાની તપાસ કરવા માટે એક તપાસ સમિતિ રચવામાં આવશે. આ સમિતિ ચાર સપ્તાહની અંદર પોતાની તપાસ પૂર્ણ કરશે અને તપાસ પૂરી ન થાય ત્યાં સુધી સંઘના પ્રમુખ વ્રજભૂષણ સિંહ પોતાના હોદ્દાથી દૂર રહેશે.

આ દરમિયાન પહેલવાન બજરંગ પુનિયાએ કહ્યું કે, કેન્દ્રીય રમત-ગમત મંત્રીએ અમારી માંગણીઓ સાંભળી અને યોગ્ય તપાસનું આશ્વાસન આપ્યું તે બદલ હું તેમનો આભાર માનું છું અને આશા રાખું છું કે મામલાની તટસ્થ તપાસ થશે. આ સાથે જ પહેલવાનોના ધરણાનો પણ અંત આવ્યો છે. બીજી બાજુ ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશને પણ પહેલવાનોના આરોપોની તપાસ માટે સાત સભ્યોની કમિટી બનાવી છે જેમાં બૉક્સર મેરી કોમ, તીરંદાજ ડોલા બેનર્જી, બેડમિન્ટન ખેલાડી અલકનંદા અશોક, ફ્રી-સ્ટાઈલ કુશ્તીબાજ યોગેશ્વર દત્ત, ભારતીય વેઈટલિફ્ટિંગ મહાસંઘના પ્રમુખ સહદેવ યાદવ અને બે વકીલ સામેલ છે.

# જમ્મુ-કાશ્મીરમાં બે બોમ્બ બ્લાસ્ટમાં છ લોકો ઘાયલ

## ભારત જોડો યાત્રા દરમિયાન હાઈ અલર્ટ વચ્ચે જ બ્લાસ્ટ સમગ્ર વિસ્તારની ઘેરાબંધી, વિસ્ફોટ કરનારની શોધખોળ

શ્રીનગર, તા.૨૧

જમ્મુ-કાશ્મીરમાં ફરી એકવાર આતંકીઓની નાપાક હરકત સામે આવી છે. શનિવારે એક બાદ એક બે બોમ્બ બ્લાસ્ટ થયા છે. આ બોમ્બ બ્લાસ્ટમાં અત્યાર સુધીમાં છ લોકો ઘાયલ થયા છે. વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ બ્લાસ્ટની પુષ્ટિ કરતા કહ્યું છે કે, જે વિસ્તારમાં બ્લાસ્ટ થયો છે તે સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરી દેવામાં આવી છે. વિસ્ફોટ કરનારાઓની શોધખોળ પણ આદરી દેવામાં આવી છે. મહત્વનું છે કે, રાહુલ ગાંધી ભારત જોડો યાત્રા દરમિયાન હાઈ અલર્ટ વચ્ચે જ આ બ્લાસ્ટ થયા છે. પોલીસના જણાવ્યા મુજબ, શનિવારે એક બાદ એક એમ બે વિસ્ફોટ થયા હતા. તેમાં છ લોકો ઘાયલ થયા છે અન તેઓને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડી દેવામાં આવ્યા છે. સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરીને સુરક્ષા બળે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે.

એડીજીપી (જમ્મુ ઝોન) મુકેશ સિંહે જણાવ્યું કે, સમગ્ર વિસ્તારને ઘેરીને સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. કેન્દ્રીય રક્ષા રાજ્ય મંત્રી અજય ભટ્ટ જમ્મુમાં ભારતીય સેનાના ટાઈગર ડિવીઝનમાં બલિદાન સ્તંભની મુલાકાતે છે. તેમના અહીં આવવા પર બ્લાસ્ટ સુરક્ષા વ્યવસ્થાને પડકાર ગણાવી શકાય છે.તો આ જ મહિનાની શરુઆતમાં આતંકવાદીઓએ હિન્દુઓને ટારગેટ કર્યા હતા. સતત બે દિવસ હુમલા કર્યા હતા અને આ હુમલામાં સાત હિન્દુઓના માત થયા હતા. આ ઘટનાઓ બાદ ગૃહમંત્રી અમિત શાહ કેન્દ્ર શાસિત પ્રદેશ પહોંચ્યા હત.

# ભારે હિમવર્ષાથી અટલ ટનલ અને હિમાચલના ૩૫૦ રસ્તા બંધ કરાયા

## મનાલી, કુલ્લુ, રોહતાંગ અને અમુક વિસ્તાર સફેદ ચાદરથી ઢંકાયા, સતત હિમવર્ષા બાદ હવે લોકોની મુશ્કેલી વધવા લાગી

શિમલા, તા.૨૧

હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરના અમુક વિસ્તારોમાં હિમવર્ષાનો સમય ચાલુ છે. પહાડો પર હિમવર્ષાનો સમય શરૂ થવાની સાથે જ પર્યટક મોટી સંખ્યામાં હિમવર્ષાનો આનંદ લેવા પહોંચી રહ્યા છે. જોકે આ સાથે જ આફત પણ વધી છે. રસ્તા પર ગાડીઓ ઓછી થઈ ગઈ છે અને પારો ગગડ્યો તો ઠંડક પણ વધી ગઈ છે.

અહીં શુક્રવારથી જ પહાડી વિસ્તારોમાં હિમવર્ષાનો સમય ચાલુ છે. લાંબા સમયથી રાજ્યમાં ડ્રાય સ્પેલ ચાલતો હતો, જે બાદ હવે એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થયુ છે. આની અસર આગામી ૨૬ જાન્યુઆરી સુધી જોવા મળશે. હાલ સહેલાણીઓ પણ હિમવર્ષાનો આનંદ ઉઠાવી રહ્યા છે.

હિમાચલ પ્રદેશના ઊંચાઈ ધરાવતા વિસ્તારોમાં જોરદાર હિમવર્ષા થઈ રહી છે. મનાલી, કુલ્લુ, રોહતાંગ અને અમુક વિસ્તાર સફેદ ચાદરથી ઢંકાઈ ચૂક્યા છે. સતત હિમવર્ષા બાદ હવે લોકોની મુશ્કેલી વધવા લાગી છે. ઉચ્ચ વિસ્તારોના રસ્તા પર અવરજવર બંધ થઈ ગઈ છે.

મનાલી અને આસપાસના વિસ્તારોમાં તો ગંભીર પરિસ્થિતિ છે. ગાડીઓ, રસ્તા અને ઘરની છત પર બરફની મોટી ચાદર પથરાઈ ચૂકી છે. રસ્તા પર બરફ જ બરફ છે. ભારે હિમવર્ષાના કારણે અટલ ટનલને પણ બંધ કરી દીધી છે. જાણકારી અનુસાર હિમાચલમાં લગભગ ૩૫૦ રસ્તા બંધ કરવી પડી છે.



# જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહરના ત્રણ ભત્રીજાઓ ઠાર

## "હિઝબુલ-મુજાહિદ્દીનના કમાન્ડરો નવ મહિનાથી વધુ જીવતા નથી"



(એ.આર.એલ),નવીદિલ્હી,

કાશ્મીર ખીણમાં આતંકવાદી ગતિવિધિઓને બેઅસર કરવા માટે સુરક્ષા દળોનું ઓપરેશન ચાલી રહ્યું છે. આ અંતર્ગત પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ચીફ મસૂદ અઝહરના ત્રણ ભત્રીજાઓને સુરક્ષા દળોએ ઠાર કર્યા હતા. ભારતમાં ઘૂસણખોરી કરી ચૂક્યા હતા. આ ત્રણેય આતંકવાદી ગતિવિધિઓથી કાશ્મીરની ખીણમાં આતંક મચાવવા માંગતા હતા. જો કે, સુરક્ષા દળોએ તેમની હિંમતનો ધ્વજ લહેરાવતા ત્રણેય આતંકીઓને ઠાર કર્યા છે.

પૂર્વ ચિનાર કોર્પ્સ કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ અનિલ ભટ્ટ (નિવૃત્ત) એ પોડકાસ્ટ પ્રોગ્રામમાં આ માહિતી શેર કરી હતી. તેણે કહ્યું કે આતંકી સંગઠન હિઝબુલ મુજાહિદ્દીનનો કમાન્ડર નવ મહિનાથી વધુ જીવતો નથી. તે પહેલા તેમની હત્યા કરવામાં આવે છે. હવે સ્થાનિક લોકો આતંકવાદથી દૂર રહેવા માંગે છે. આતંકવાદી સંગઠનો માટે સ્થિતિ મુશ્કેલ બની ગઈ છે.

પરિણામે, જૈશના વડા મૌલાના મસૂદ અઝહરે તેના ભત્રીજાઓને ત્રાલ ક્ષેત્રમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કરવા માટે મોકલ્યા. પરંતુ તેના પ્રયાસોને નિષ્ફળ બનાવી દેવામાં આવ્યા છે. ૧૫ દિવસમાં ભત્રીજાની હત્યા કરવામાં આવી હતી. આ પછી બીજા ભત્રીજાને મોકલવામાં આવ્યો, અમે તેને ૧૦ દિવસમાં મારી નાખ્યો. તો બીજી તરફ ત્રણ દિવસમાં ત્રીજા ભત્રીજાનો ખાત્મો થયો છે. ઉલ્લેખનીય છે કે ભારત

# દુશ્મનોનો કાળ બનશે INS વાગીર

## ૨૩ જાન્યુઆરીએ સેનામાં થશે સામેલ, વાગીર પાંચમી ડીઝલ ઇલેક્ટ્રિક સ્કોર્પિન સબમરીન છે



(એ.આર.એલ),નવીદિલ્હી,

ભારતીય નૌકાદળની શક્તિમાં વધુ વધારો થવા જઈ રહ્યો છે. ભારતીય નૌકાદળ ૨૩ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ પાંચમી કલવારી વર્ગની સબમરીનૈંદ્ગજી વાગીર શરૂ કરશે. આ પાંચમી ડીઝલ ઈલેક્ટ્રિક સ્કોર્પિન સબમરીન છે. આ વર્ષના અંત સુધીમાં નેવીને આવી છઠ્ઠી અને છેલ્લી સબમરીન મળી જશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ સબમરીન ભારતમાં મઝાગોન ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ મુંબઈ દ્વારા મેસર્સ નેવલ ગ્રૂપ, ફ્રાન્સના સહયોગથી બનાવવામાં આવી રહી છે. મેસર્સ સ્ઠન્એ ૨૦ ડિસેમ્બર ૨૨ના રોજ ભારતીય નૌકાદળને સબમરીન સોંપી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે છેલ્લી વાગીર સબમરીને ભારતીય નૌકાદળમાં લગભગ ત્રણ દાયકા સુધી સેવા આપી હતી, ત્યારબાદ તેને ૦૭ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ સેવામુક્ત કરવામાં આવી હતી. જૂની વાગીરને ૦૧ નવેમ્બર ૧૯૭૩ના રોજ 'કમીશન' કરવામાં આવ્યું હતું અને તેણે નિવારક પેટ્રોલિંગ સહિત સંખ્યાબંધ ઓપરેશનલ મિશન હાથ ધર્યા હતા.

નવી 'વાગીર' સબમરીન, ૧૨ નવેમ્બર ૨૦ના રોજ લોન્ચ કરવામાં આવી છે, જે અત્યાર સુધીની તમામ સ્વદેશી રીતે નિર્મિત સબમરીનમાં સૌથી ઓછા સમયમાં તૈયાર કરી હોવાનું ગૌરવ ધરાવે છે. દરિયાઈ પરીક્ષણો શરૂઆત કરતા તેણે પોતાની પ્રથમ સફર ૨૨ ફેબ્રુઆરીએ કરી હતી. વાગીરને નૌ સેનામાં સામેલ કરતા પહેલા વ્યાપક સ્વીકૃતિ તપાસ, કઠોર અને પડકારજનક દરિયાઈ પરીક્ષણોની શ્રેણીમાંથી પસાર કરાઈ છે.

# અમરેલીમાં એસ.ટી. વિભાગ દ્વારા ૩૦માં વાર્ષિક રમતોત્સવનું ઉત્સાહભેર આયોજન થયું

### સમગ્ર રાજ્યમાંથી રમતવીર કર્મચારીઓ જોડાયા : વિભાગીય નિયામક એચ.એસ. જોષીએ જરૂરી મદદ કરી






અમરેલી,

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કર્મચારીઓ માટે ૩૦માં વાર્ષિક રમત ઉત્સવનું આયોજન અમરેલી વિભાગ ખાતે કરવામાં આવેલ. જેમાં ૧૬ વિભાગ અને મધ્યસ્થ કચેરી મધ્યસ્થ યંત્રાલયના રમતવીર કર્મચારી ભાઈઓ, બહેનોએ ભાગ લીધેલ હતો.

આ કાર્યક્રમમાં નિગમના ફરજ બજાવતા કર્મચારીઓના બાળકો, કર્મચારીઓ જેમને રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય કક્ષાએ મેડલ જીતી એસ.ટી. નિગમનું નામ રોશન કરેલું છે એવા બાળકોનેં પણ સન્માન કરવામાં આવેલ. જેમાં સુરત વિભાગ સુરક્ષા શાખામાં ફરજ બજાવતા મનોજ ચાસિયાના પુત્ર ૯૦% દિવ્યાંગ હોવા છતાં રાષ્ટ્રીય કક્ષાએ સ્વિમિંગની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ, બ્રોન્સ મેડલો મેળવેલ અને સરકાર તરફથી ખેલ પ્રતિભા પુરસ્કાર, સરદાર પટેલ એવોર્ડ અને પોરબંદરથી સોમનાથ સુધીનું અરબી સમુદ્રમાં ૧૧૭.૨૩ કિલોમીટર સિંગલ બોટ કાયકિંગ કરી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં, નામ અંકિત કરનાર રોહન ચાસિયાનુ મંચસ્થ મહાનુભાવો દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવેલ હતું. આયોજનમાં મુખ્ય કામદાર અધિકારીકે.ડી.દેસાઈ, અવ્વલ કામદાર અધિકારી ડી.એન. નાયકના માર્ગદર્શન હેઠળ અમરેલીના વિભાગીય નિયામક એચ.એસ. જોશીએ અમરેલી જિલ્લા વિદ્યાસભા વિદ્યાવિહાર ખાતે સમગ્ર રમત- ગમતનું અને ખેલાડીઓને રહેવા જમવાની સુવિધા પૂરી પાડેલ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સેન્ટ્રલ વેલ્ફર બોર્ડના કામદારોના સદસ્ય અરવિંદભાઈ સરખેજી, નરેન્દ્રસિંહ મકવાણા, સાજીદભાઈ શેખ અને અમરેલી કામદાર અધિકારી અંસારી અને એમની ટીમે સમગ્ર આયોજનને ખૂબ સરસ રીતે પૂર્ણ કરાવેલ હતું.

# ટંકારા તાલુકાના શિક્ષિકા ગીતાબેન સાંચલાને પૂજ્ય મોરારિબાપુ દ્વારા ચિત્રકૂટ પારિતોષિક એનાયત કરાયો

**શિક્ષિકા ગીતાબેન સાંચલાએ ટંકારા તાલુકા નું ગૌરવ વધારેલ છે : જિલ્લામાં પ્રથમ વખત મહિલા શિક્ષકની આ એવોર્ડ માટે પસંદગી થઈ**



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ, તા. ૨૧

દર વર્ષે પૂજ્ય મોરારિબાપુ દ્વારા રાજ્યના શ્રેષ્ઠ પ્રાથમિક શિક્ષકોને ચિત્રકૂટ એવોર્ડથી સન્માનવામાં આવે છે. જેમાં વર્ષ-૨૦૨૨ માટે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા દરેક જિલ્લામાંથી ૧-૧ શ્રેષ્ઠ શિક્ષકને ચિત્રકૂટ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવેલ. જે પૈકી મોરબી જિલ્લામાંથી ટંકારા તાલુકાની હરબટીયાળી પ્રાથમિક શાળાના શિક્ષિકા શ્રીમતી ગીતાબેન મનસુખલાલ સાંચલા ની પસંદગી કરવામાં આવી હતી.

ખાસ આનંદની વાત એ હતી કે મોરબી જિલ્લામાં પ્રથમ વખત મહિલા શિક્ષકની આ એવોર્ડ માટે પસંદગી થઈ હતી.

તારીખ ૧૮/૦૧/૨૦૨૩ ના રોજ તલગાજરડા મુકામે પૂજ્ય મોરારિબાપુ ના હસ્તે સાંચલા ગીતાબેન મનસુખલાલ ને ચિત્રકૂટ એવોર્ડ આપવામાં આવ્યો.આ એવોર્ડ મેળવી ગીતાબેન સાંચલાએ ટંકારા તાલુકાનું , હરબટીયાળી ગામનું તેમજ દરજી સમાજ નું નામ રોશન કર્યું હતું.

આ તકે મોરબી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ઘનશ્યામભાઈ દેથરિયા ,મહામંત્રી દિનેશભાઈ હુંબલ,તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ કલ્પેશભાઈ ફેફર,મહામંત્રી વિરમભાઈ દેસાઈ, સીઆરસી કો ઓર્ડીનેટર કૌશિકભાઈ ઢેઢી તેમજ હરબટીયાળી સ્કૂલના આચાર્ય મગનભાઈ ઉજરિયા અને શાળા ના સ્ટાફ ગણ તેમજ તમામ શિક્ષક ભાઈઓ બહેનો એ ગીતાબેન ને શુભેચ્છા પાઠવી હતી. આ ઉપરાંત હરબટીયાળી ગામના સરપંચ દેવરાજભાઈ સંઘાણી, ગામના આગેવાનો, વડીલો ભાઈઓ,બહેનો અને વિદ્યાર્થીઓએ શુભકામનાઓ પાઠવી હતી.અને ગામનું નામ રોશન થયું એ બાબતનું ગૌરવ લીધું હતું. આ તકે સાંચલા ગીતાબેન તેમજ તેમના પરિવારે બધાનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ભેરાઈ ગામે જમાઈને સસરા, સાસુ તથા સાળાએ પાઈપ વડે માર માર્યો

અમરેલી,

રાજુલા તાલુકાનાં ભેરાઈ ગામે રહેતા અને ડ્રાયવીંગનું કામ કરતા પ્રેમજીભાઈ માવજીભાઈ વાજા નામનાં ૩૫ વર્ષીય યુવકનાં મહુવા ગામે રહેતા સસરા રમેશભાઈ પોપટભાઈ સોલંકી, સાસુ મમતાબેન રમેશભાઈ તથા સાળા સંજયભાઈ વિગેરે યુવકનાં ઘરે આવી તમે કેમ મારી દીકરીને હેરાન કરો છો ? તેમ કહી ત્રણે ઈસમોએ યુવકને ગાળો આપતા આ યુવકે ગાળો દેવાની ના પાડતા ત્રણેય ઉશ્કેરાઈ જઈ જમાઈને ઢીકાપાટુ, લોખંડનો પાઈપ મારી ઈજા કર્યાની ફરિયાદ પિપાવાવ મરીન પોલીસમાં નોંધાઈ છે. તો સામાપક્ષે આજ બનાવમાં રમેશભાઈ સોલંકીએ પણ માવજીભાઈ કાનાભાઈ વાજા સહિત ૩ લોકોને ગાળો આપી પાઈપ વડે માર માર્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

## અમરેલીનાં વ્યાજખોરે ગોઢાવદરનાં ૩ ખેડૂતો પાસેથી મેળવેલ જમીનનાં દસ્તાવેજ પરત ન કર્યા

અમરેલી,

લીલીયા તાલુકાનાં ગોઢાવદર ગામે રહેતા અને ખેતી અને સીકયુરીટી ગાર્ડ તરીકે કામ કરતાં ડાયાભાઈકાનાભાઈ રાઠોડ નામનાં ૫૧ વર્ષીય પ્રૌઢે તથા તેમનાં બન્ને ભાઈઓએ અમરેલી ગામે રહેતા પ્રેમજીભાઈ મંગાભાઈ ચૌહાણ પાસેથી અગાઉ રૂા. ૨.૧૭ લાખ ૩ ટકાનાં વ્યાજે લીધા હતા. તેમની સામે આ ખેડૂત તથા તેમના ભાઈઓએ રૂા. ૩,૪૧,૭૦૫ રકમ ચુકવી આપી હતી. તેમ છતાં આરોપીએ વ્યાજનું વ્યાજ ગણી આ ખેડૂત ભાઈઓ પાસે પૈસાની રૂબરૂ તથા ફોનથી પઠાણી ઉઘરાણી કરી અને ખેડૂત યુવકને ટાંટીયા ભાંગી નાખવા ધમકી આપી ખેડૂતનું મોટર સાયકલ નં. જી.જે.-૧૪ આર ૧૧૫૫ પડાવી લીધેલ હતું. તેમજ અગાઉ આ ખેડૂતોએ વડિલોપાર્જીત જમીનનો અસલ દસ્તાવેજ પણ આરોપીએ પરત નહી આપી તે જમીન આરોપીએ તેના નામે કરી લેવા બળજબરી કર્યાની ખેડૂતે લીલીયા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## મોરબી પુલ દુર્ઘટના મામલો: ઓરેવા ગ્રુપના MD જયસુખ પટેલે આગોતરા જામીનની અરજી કરી



સન્ની વ્યાસ દ્વારા મોરબી તા ૨૧

મોરબીના ઝૂલતો પુલ દુર્ઘટનામાં ૧૩૫ નિર્દોષ લોકોના મોત મામલે લોકોમાં રોષ ભભૂક્યો હતો અને નગરપાલિકાને સુપરસીડ કેમ ના કરવી તેવી કારણદર્શક નોટીસ ફટકારીને સપ્તાહ નો સમય આપ્યો છે તો બીજી તરફ જેના પ્રત્યે લોકોમાં રોષ છે તેવા ઓરેવા ગ્રુપના એમડીએ આગોતરા જામીન અરજી કરી છે

મોરબી ઝૂલતો પુલના મેન્ટેનન્સ અને મેનેજમેન્ટની જવાબદારી ઓરેવા ગ્રુપને આપવામાં આવી હતી અને ઝૂલતો પુલનું રીનોવેશન કરવામાં આવ્યા બાદ પાંચ દિવસમાં જ ઝૂલતો પુલ તૂટી પડ્યો હતો જેમાં ૧૩૫ લોકોના મોત થયા હતા જે બનાવ મામલે મૃતકોના પરિવારો દ્વારા ઓરેવા ગ્રુપના એમડી જયસુખ પટેલ સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી જોકે ઝૂલતો પુલ દુર્ઘટના મામલે થયેલી ફરિયાદમાં તેમનું નામ આરોપી તરીકે મુકવામાં આવ્યું ના હતુંદરમિયાન અરજદાર જયસુખ પટેલ દ્વારા સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરવામાં આવી હોય તેવી માહિતી સુત્રો પાસેથી પ્રાપ્ત થઇ છે અને શનિવારે તા. ૨૧ ના રોજ આગોતરા જામીન અરજી અંગે સુનાવણી કરવામાં આવશે હજુ એફઆઈઆર માં નામ દાખલ થયું નથી પરંતુ આગોતરા જામીન અરજી કરવામાં આવતા અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે

# ચલાલા : ગાયત્રી સંસ્કારધામનાં પૂ.રતિદાદાનાં પુત્ર પરેશભાઈ મહેતા પ્રવાસી ગુજરાત એવોર્ડથી સન્માનીત

અમરેલી,

ગાયત્રી સંસ્કાર ધામનાં વડા પુ.શ્રી રતિદાદાનાં અનુજ પુત્ર અને ભારત ભુષણ એવા મહેશભાઈ મહેતાના નાનાભાઈ પરેશભાઈ મહેતા, માનવ સેવાનાં સમર્પિત સેવક, પરમ પૂજ્ય શ્રીરામ શર્મા આચાર્યના વિચારોના પ્રખર અનુયાયી અને પ્રચારક કે જેઓ ગુજરાત રાજ્ય અને માતૃભૂમિ ભારત દેશનાં એક મોડેલ પ્રતિનિધિ તરીકે યુગાન્ડા દેશમાં સફળ ઉદ્યોગપતિ સાથે વિવિધ સંસ્થાઓમાં અગ્રણી હોદા ઉપર રહી અને નિઃસ્વાર્થ સેવા કાર્યો કરે છે.

વિદેશની ધરપી પર સનાતન ધર્મ મંડળનું સુકાન ઉત્સાહભેર સંભાળી અને પોતાનાં પ્રમુખ પદે પુરાએ યુગાન્ડા દેશમાં ધર્મ ધ્વજાને એક નવી જ ઉંચાઈ ઉપર લઈ ગયા. લોહીમાં રહેલા સેવાભાવનાં સંસ્કારોથી યુગાન્ડામાં વસતા તમામ ભારતીયોના હૃદયમાં એક આગવી ઓળખ ઉભી કરીને તમામ જાતિઓનો અડધી રાતનો હોંકારો બની ને યુગાન્ડામાં અસ્તિત્વમાં રહેલી ભારતીયતાનું સાચા અર્થમાં પ્રતિનિધિત્વ કર્યુ છે. તાજેતરમાં પરેશભાઈ મહેતાને અમદાવાદ મુકામે પ્રવાસી ગુજરાતી તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ યુવાન્ડા દેશમાં ભારત સરકારનાં ઉચ્ચયુકતના હાઈ કમિશ્નર દ્વારા પણ સન્માનિત કરવામાં આવેલ. સમગ્ર રાજગોર સમાજ, ભારત ગુજરાત અમરેલી જિલ્લો અને ચલાલા ગામનું ગૌરવ વધાર્યુ છે.



# મોરબીમાં પત્રકાર એસો. દ્વારા "આઈ લવ મોરબી"નિબંધ સ્પર્ધા યોજાઈ






સન્ની વ્યાસ દ્વારા મોરબી તા ૨૧

મોરબી શહેરના સનાળા રોડ ઉપર આવેલ ઓમ શાંતિ વિદ્યાલય ખાતે પત્રકાર એસોસિએશન મોરબી દ્વારા "આઈ લવ મોરબી" નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહપૂર્વ ભાગ લેવામાં આવ્યો હતો અને તેમાંથી સારી રીતે મોરબીને નિબંધમાં આવરી લેનાર વિદ્યાર્થીઓને પુસ્તક આપીને તેનુ સન્માન કરવામાં આવ્યું હતું અને ખાસ કરીને વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયાનો જરૂરિયાત મુજબ ઉપયોગ કરવો અને વધુમાં વધુ પુસ્તકો વાંચવા તથા શેરી રમતો રમવા માટે થઈને પત્રકારો દ્વારા અપીલ કરવામાં આવી હતી.

મોરબી શહેર આર્થિક રીતે સમૃદ્ધ છે પરંતુ આજની તારીખે પણ અહીંના લોકો સારી પ્રાથમિક સુવિધાને ઝાંખી રહ્યા છે ત્યારે મોરબીની યુવા શક્તિ મોરબીને કેવું ઈચ્છી રહી છે ? તે જાણવા માટે થઈને મોરબીના પત્રકાર એસોસિએશન દ્વારા હાલમાં જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ વચ્ચે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે આજે મોરબીના સનાળા રોડ ઉપર આવેલ ઓમ શાંતિ વિદ્યાલય ખાતે સંચાલકોના સહકારથી આઇ લવ મોરબી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધો. ૧૧ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો અને તેમના દ્વારા મોરબીની વર્તમાન સ્થિતિ, ભૂતકાળની પરિસ્થિતિ અને ભવિષ્યમાં કેવું મોરબી તે લોકો ઉછી રહ્યા છે તેને લઈને પોતાના વિચારો નિબંધના માધ્યમથી રજૂ કરવામાં આવ્યા હતા જેમાં ખાસ કરીને વર્તમાન સમયમાં જે હાલાકીઓ લોકો ભોગવી રહ્યા છે તે દૂર થાય અને આગામી સમયમાં બાળકો અને વૃદ્ધો માટે સારા બાગ બગીચા, રોડ રસ્તા, સફાઈ, રોડ રસ્તામાં થયેલા દબાણો દૂર કરીને પહોળા રોડ રસ્તા બનાવવામાં આવે તે સહિતની લાગણી વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં મોરબી પત્રકાર એસોસિએશનના પ્રમુખ હિમાંશુભાઈ ભટ્ટ, મંત્રી મહેન્દ્રસિંહ જાડેજા, ઉપપ્રમુખ હરનીશભાઈ જોષી, ખજાનચી પંકજભાઈ સનારીયા, સિનિયર પત્રકાર પ્રવીણભાઈ વ્યાસ, સુરેશભાઈ ગોસ્વામી, જીગ્નેશભાઈ ભટ્ટ, ચંદ્રેશભાઇ ઓધવિયા, અતુલભાઇ જોશી, ભાસ્કરભાઈ જોશી, અલ્પેશ ગોસ્વામી સહિતના પત્રકાર મિત્રો હાજર રહ્યા હતા અને છેલ્લા વર્ષોમાં સોશિયલ મીડિયાના અતિરેકના કારણે મોરબી શહેર અને જિલ્લામાં બનેલી ઘટનાઓના દ્રષ્ટાંત રજૂ કરીને વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયાનો બિનજરૂરી ઉપયોગ ટાળવા માટે થઈને પત્રકારો દ્વારા અપીલ કરવામાં આવી હતી ખાસ કરીને આઈ લવ મોરબી જે નિબંધ સ્પર્ધા યોજાઈ રહી છે તેના પાછળ ભવિષ્યમાં મોરબીના લોકો અને ખાસ કરીને યુવાનો મોરબીને કેવું બનાવવા માટે ઈચ્છે છે તે જાણવાનો પ્રયાસ પત્રકારો દ્વારા કરવામાં આવી રહ્યો છે અને આગામી સમયમાં મોરબીના લોકોની ઈચ્છા અનુસારનું મોરબી બને તેના માટે અહીંના ધારાસભ્યોને સાથે રાખીને કામગીરી કરવા માટેનું આયોજન હાલમાં પત્રકાર એસોસિએશન દ્વારા કરવામાં આવી રહ્યું છે

## ખાંભામાં ગરીબ પરિવારોને નિયમ મુજબ અનાજ ન મળતાં રાશનકાર્ડધારકોમાં રોષનો માહોલ




અમરેલી,

ખાંભામાં ચાલું માસમાં રાશનકાર્ડ ધારકોનેસરકારી નિયમ મુજબનું અનાજ ન મળતા મામલતદાર કચેરીનો કાર્ડધારકોએ ઘેરાવ કર્યો હતો.

ખાંભામાં છેલ્લા ત્રણેક વર્ષથી રાશનની દુકાનોનાં પરવાનાં ધારક દુકાનો ન હોવાથી ગ્રામ્ય વિસ્તારનાં રાશન પરવાનેદારોને ચાર્જ સોંપાતા અને સરકાર ધ્વારા અમુક રાશન પરવાનેદારોને મફતનો રાશન પુરવઠો આપવામાં આવે છે અને અમુક દુકાનોમાં મફત રાશનનું અનાજ ન અપાતું હોવાથી છેલ્લા ઘણા સમયથી રાશનકાર્ડધરકો અને પરવાનેદારોને ટકરાવનાં બનાવો બનતા હોય. ખાંભાનાં સરપંચ ધ્વારા છેક ગાંધીનગર સુધી લેખીતમાં રજૂઆત કરી. ખાંભામાં પાંચ પરવાના ફાળવવા માંગણી કરી હોવા છતાં રાશનનાં પરવાના આપવામાં ન આવતા ચાલું માસે રેશનીંગનાં વિતરણમાં પણ ધાંધીયા થતાં રાશનકાર્ડધારકોએ હોબાળો મચાવી મામલતદાર કચેરીને ઘેરાવ કરતા ખાંભાનાં અગ્રણી બાબાભાઈ ખુમાણ તથા જિલ્લા પંચાયત સમિતિનાં કાળુભાઈ ફીંડોળીયાએ મામલતદાર કચેરીમાં જઈ મામલો થાળે પાડી મામલતદારને રાશનનાં અનાજનો ઉકેલ વ્હેલીતકે લાવવા જણાવતા આવતા મહિનાથી રાશનનું અનાજ કાર્ડધારકોને મળતું થવાનું આશ્વાસન મળતા મામલો શાંત થવા પામેલ.

## લાઠીનાં યુવકે રૂપિયા ૧૫ લાખ સામે રૂપિયા ૧૨ લાખ ચુકવ્યા છતાં મુદલ અંગે ધમકી

અમરેલી,

લાઠી ગામે રહેતા જહીરભાઈ અશરફભાઈ સખીરાનાં નામનાં ૨૯ વર્ષય યુવકે સને ૨૦૨૦ની સાલમાં હોટલનાં ધંધા માટે પૈસાની જરૂરીયાત ઉભી થતાં તેમણે જસદણ તાલુકાનાં હનુ. ખારચીયા ગામે રહેતા રસીકભાઈ કરમશીભાઈ ચોવટીયા પાસેથી કડકે કટકે રૂા. ૧૫ લાખ માસીક ૫ ટકાનાં દરે લીધે હતા. જેમાં સીકયુરીટી પેટે યુવકે અલગ-અલગ ૩ વ્યકિતનાં મકાનનાં દસ્તાવેજ તથા ૩ કોરા ચેક પણ આપેલ હતા અને આરોપીને વ્યાજ સહિત રૂા. ૧૨ લાખ ચુકવી દીધા હોવા છતાં આરોપીએ યુવક પાસે વ્યાજ સહિત રૂા. ૧૫ લાખની બળજબરીપૂર્વક ઉઘરાણી કરી અગાઉ આપેલ ચેક-૧બેક્રમાં આરોપીએ નાખી કોર્ટમાં કેસ કરેલ હોય અને જો યુવક પૈસા નહી આપે તો બીજા ચેક પણ બેક્રમાં નાખી કોર્ટ કેસમાં યુવકને ફસાવી દેવાની આરોપીએ ધમકી આપ્યાની ફરિયાદ લાઠી પોલીસમાં નોંધાવી છે.

# જામનગરની મોટી હવેલીમાં શ્રી વ્રજભૂષણલાલજી મહારાજના પ્રાગટ્ય ઉત્સવની ભવ્ય ઉજવણી






તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : નિ.લી.પૂ.પા.ગો. ૧૦૦૮ શ્રી વ્રજભૂષણલાલજી મહારાજ (પૂ.દાદાજી) (જામનગર-ચોપાસની-નડીયાદી)નો ૧૦૪ માં મંગલમય પ્રાગટ્ય ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પોષ વદ એકાદશીના બુધવારે રાત્રે હાલારી રાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જામનગરના વૈષ્ણવોએ હાલારી રાસનો આનંદ માણ્યો હતો. ત્યાર પછી ગુરુવારે રાત્રે

## મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહી હાલારી રાસ તથા ગુણાનુવાદ સભાનું આયોજનમાં જોડાયા

ઉત્સવ નાયકના ગુણાનુવાદ સભા શયન આરતીના દર્શન પછી શ્રી વલ્લભ ચોક મોટી હવેલીમાં યોજવામાં આવ્યા હતાં. આ બન્ને કાર્યક્રમોમાં જામનગરના વૈષ્ણવો ભાવપૂર્વક જોડાયા હતાં.

ગુરુવારે યોજાયેલ ગુણાનુવાદ સભામાં જામનગર મોટી હવેલીના ગાદી પતી પ.પૂ. ગો. શ્રી ૧૦૮ શ્રી હરીરાયજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી પૂ પા.ગો. શ્રી વલ્લભરાયજી મહોદય, પૂ.ગો. શ્રી રસાદ્રરાયજી મહોદય, પ્રેમાદ્રરાયજી અને બેટીજીના મંગલ સાનિધ્યમાં કરવામાં આવી હતી. આ ગુણાનુવાદ સભા પ.પૂ. શ્રી વલ્લભરાયજીની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. જેમાં બેટીજીએ પ.પૂ. ૧૦૦૮ શ્રી વ્રજભૂષણલાલજી મહારાજની વાતો કરી વૈષ્ણવોને આશીર્વાદ પાઠવ્યા હતાં. ત્યાર પછી પ.પૂ. શ્રી વલ્લભરાયજી મહોદય દ્વારા ઉપસ્થિત વૈષ્ણવજનોને પૂ. દાદાજી વિષેની માહિતી આપી અને સૌ વૈષ્ણવોને આશીર્વચન પાઠવ્યા હતાં.

## ખંભાળિયા ખાતે કલેક્ટર અધ્યક્ષસ્થાને યોજાઈ ગુડ સમેરીટન એવોર્ડ અંગે મિટિંગ યોજાઈ

ખંભાળિયા : ખંભાળિયામાં જિલ્લા કલેક્ટર કચેરીમાં કલેક્ટર એમ.એ. પંડયાની અધ્યક્ષતામાં રાજ્ય સરકાર દ્વારા અકસ્માતના સમયે મદદરૂપ થનાર વ્યક્તિઓ માટે ગુડ સમેરીટન એવોર્ડ અંગે મિટિંગ યોજાઈ હતી. જેમાં જિલ્લાના રોડ સેફ્ટી કમિટીના હોદ્દેદારો, રેડક્રોસ, લાયન્સ કલબ, એનિમલ લવર્સ ગ્રુપ વગેરેના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

એઆરટીઓ જી.વી. તલસાણીયા તથા તેમની ટીમના ડોબરીયા, મુનીયા, ચાવડાની ટીમ દ્વારા અડધી કલાકની વીડિયો ક્લિપ જાગૃતતા અંગે દેખાડવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર એમ.એ. પંડ્યાએ અકસ્માતના સ્થળે ઘાયલોને તુરત હોસ્પિટલ પહોંચાડવાના માનવતાપૂર્ણ કાર્ય સાથે સમેરીટન એવોર્ડ અંગે વકતવ્ય આપ્યું હતું. કચેરી દ્વારા આ એવોર્ડ માટે જિલ્લાકક્ષાએ પાંચ હજાર તથા રાજ્યકક્ષાએ એક લાખના એવોર્ડની જાણકારી આપી હતી.

ગાંધીનગરથી ઓનલાઈન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા વાહન વ્યવહાર મંત્રી દ્વારા બે વેબસાઈટ પણ ખૂલ્લી મુકાઈ હતી. ગુડ સમેરીટન એવોર્ડ અંગે જાણકારી આપવામાં આવી હતી. મંત્રી હર્ષ સંઘવીએ અકસ્માત સ્થળે દર્શક નહીં પણ પીડિતોના રક્ષક બનવા જાહેર જનતાને અપીલ કરી હતી.

## પીપળી ગામે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા નવનિર્મિત ગૌશાળાનું લોકાર્પણ



જામનગર : જામનગર જિલ્લાના પીપળી ગામે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વના ભાગ રૂપે નવનિર્મિત ગૌશાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ ગૌશાળાનું નિર્માણ અને ૧૯૯૭ માં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ડિરેક્ટર (કોર્પોરેટ અફેર્સ) પરિમલભાઈ નથવાણીના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું. ઉપલબ્ધ સુવિધાની વર્તમાન જરૂરિયાતોનો અભ્યાસ કરીને રિલાયન્સ દ્વારા ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીના માર્ગદર્શન હેઠળ પીપળી ગૌશાળાના પુનઃનિર્માણનું કામ હાથ ધરાયું હતું.

૧૮૨૦૦ ચો.ફૂટ ના પ્લોટમાં ચાલતી આ ગૌ શાળામાં ૭૪૬૫ ચોરસ ફૂટનો બિલ્ટ-અપ સમાવિષ્ટ છે. રિલાયન્સ કંપની દ્વારા નવનિર્માણ પામેલી આ ૧૫ મી ગૌશાળામાં નવું ગૌચારા ગોડાઉન, પાણીના હવેડા, ભવ્ય પ્રવેશ દ્વાર, રખેવાળ માટેની વ્યવસ્થા અને જુના રખેવાળ (ગોવાળ)ની સમાધિ વગેરેનું નવીનીકરણ અને નિર્માણ કરાયું છે. કંપની દ્વારા કુલ ૧૯ ગૌશાળા ટ્રસ્ટને માસિક નિભાવ અનુદાન છેલ્લા ૨૦ વર્ષથી અપાય છે.

જામનગરના સાંસદ પૂનમબેન માડમના હસ્તે આ ગૌશાળાનું લોકાર્પણ ભારતીય જનતા પાર્ટીના જિલ્લા પ્રમુખ રમેશભાઈ મુંગરા, જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ ધરમશીભાઈ ચનિયારા, સ્થાનિક તથા જિલ્લાના વરિષ્ઠ અગ્રણીઓની ઉપસ્થિતિમાં તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે, "ગૌશાળાઓ સૌરાષ્ટ્રના સમૃદ્ધ ગ્રામીણ વારસાનું અભિન્ન અંગ છે, જે ગામડાના પશુઓને સુરક્ષિત આશ્રય આપે છે." રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ઉપલબ્ધ કરાયેલી આ સુવિધા બદલ સ્થાનિક ગ્રામજનોએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## જામનગરની ફેમેલી કોર્ટમાં પતિએ કરેલ છૂટાછેડા મેળવવાની અરજી માન્ય રખાઈ

જામનગર : જામનગરના એક વ્યક્તિએ પોતાની પત્ની પાસેથી છૂટાછેડા મેળવવા ફેમિલી કોર્ટમાં અરજી કરી પત્ની ત્રાસ આપવા ઉપરાંત ખોટા કેસ કરી પજવતી હોવાની રજૂઆત કરી હતી. અદાલતે તેની છૂટાછેડાની અરજી માન્ય રાખી છે.

જામનગરના સાતરસ્તા રોડ પર આવેલી ગવર્મેન્ટ કોલોનીમાં રહેતા ઉત્તમ હેમતભાઈ દેવમુરારીએ પત્ની ડિમ્પલ જયદેવભાઈ અગ્રાવત પાસેથી છૂટાછેડા મેળવવા અદાલતમાં અરજી કરી હતી. જેમાં તેઓએ જણાવ્યા મુજબ તેમના લગ્ન રાજકોટમાં આ યુવતી સાથે જાન્યુઆરી-૧૯માં થયા પછી તેમના પત્ની માતા-પિતાથી અલગ રહેવા માટે કહેતા હતા. સરકારી નોકરી કરતા ઉત્તમભાઈ પત્ની સાથે ગવર્મેન્ટ કોલોનીમાં રહેવા આવ્યા હતા. ત્યાં પણ પત્ની તેઓને પજવતી હતી. અને કોરોના કાળમાં ઉત્તમભાઈ કોરોનાગ્રસ્ત થતાં પત્નીએ માતા-પિતા, ભાઈને જામનગર બોલાવી માર ખવડાવ્યો હતો અને તે પછી ઉત્તમભાઈના સાસુએ તેમજ ડોમેસ્ટિક વાયોલેન્સ એક્ટ હેઠળ પત્નીએ રાવ કરી હતી.

તે ઉપરાંત સાસુએ પોતાની પુત્રી ડિમ્પલ પોતાના ભાઈના ઘરે ગઈ હોવા છતાં તેણી ગુમ થઈ છે. તેવી જાહેરાત પણ કરી હતી. પત્નીના ત્રાસથી વાજ આવી ગયેલા ઉત્તમભાઈએ ફેમિલી કોર્ટમાં હિન્દુ મેરેજ એક્ટ હેઠળ છૂટાછેડાનો દાવો કર્યો હતો. જેમાં તેઓએ ફિઝીકલ તેમજ મેન્ટલ ક્રુઅલ્ટીનું કારણ પણ રજૂ કર્યું હતું. અદાલતે તે રજૂઆતો ગ્રાહ્ય રાખી છૂટાછેડાનો હુકમ કર્યો છે.

ઉત્તમભાઈ તરફથી વકીલ જીતેન્દ્ર નાખવા, સંજુ નાખવા રોકાયા હતા.

## દ્વારકાના શંકરાચાર્ય પૂ. સદાનંદજી ગંગા કિનારે પ્રયાગરાજના માગમેલા ઉત્સવમાં જોડાયા

### આજે ગંગા નદીમાં હજારો સાધુ સંતો સાથે સ્નાન કરશે



દ્વારકા : દ્વારકા શારદાપીઠાધીશ્વર શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી મહારાજ લખનૌના ગંગા નદીના કિનારે પ્રયાગરાજમાં શરૂ થયેલ માગમેલા ઉત્સવમાં ભાગ લીધો છે. અને તેઓ આજ તા. ૨૧ના ગંગા નદીમાં હજારો સાધુ-સંતો સાથે ગંગા સ્નાન કરશે.

ઉલ્લેખનિય છે કે, પ્રતિવર્ષ ઉત્તરપ્રદેશના લખનૌ પાસે ગંગા નદી પસાર થાય છે, ત્યાં પ્રયાગરાજમાં ઉજવાતા માગમેલા ઉત્સવનું વિશેષ મહત્ત્વ છે. અને દેશના હજારો ભાવિકો અને સાધુ-સંતો ગંગા સ્નાન કરવા, ખાસ કરીને મકરસંક્રાંતિ અને તેના આસપાસના દિવસોમાં જતા હોય છે. આ સમયે દ્વારકાના શંકરાચાર્યજીના આગમનની આતૂરતાથી રાહ જોવાઈ રહી હોવાનું જાણવા મળે છે.

## જામનગરમાં આવતીકાલે ફૂલછોડ, રોપા તથા બિયારણોનું રાહતદરે વિતરણ

જામનગર : જામનગરમાં પ્રદર્શન ગ્રાઉન્ડ સામે આવતીકાલ રવિવારે સવારે ૮:૩૦ થી ૧ વાગ્યે નવરંગ નેચર કલબ, રાજકોટ દ્વારા રાહતદરે ફૂલછોડ, રોપા, આયુર્વેદ રોપા, શાકભાજીના બિયારણોના વિતરણ કરવામાં આવશે.

શીશમ, કડાયો, વીકરો, ગુગળ, સફેદ ચણોઠી, કરમદા વગેરે પ્રતિ રોપા રૂ.૩૦માં આપવામાં આવશે. વિવિધ જાતના ફૂલછોડ, ગાય આધારીત ચીજવસ્તુઓ, એલોવેરા જેલ, અળસીયા અને કોકપીટનું ખાતર, મધ, દેશી ઓસડીયા વગેરે પણ રાહતદરે આપવામાં આવશે. કેશર કલમી આંબા, શાકભાજી રોપા અને બિયારણ, ફૂલછોડના રોપા, એલોવેરા જયુસ, પ્લાસ્ટિક, માટીના કુંડા, શાકભાજી, કઠોળ વગેરે પણ રાહતદરે વિતરણ થશે તેમ સંસ્થાના પ્રમુખ ડો. વી.ડી. બાલાએ જણાવ્યું છે.

## ખંભાળીયા સર્કિટ હાઉસ ખાતે લોકપ્રશ્ન સાંભળી લહત તંત્રને સૂચના આપતા કેબીનેટ મંત્રી



ખંભાળીયા : ખંભાળીયા-ભાણવડના ધારાસભ્ય તથા રાજ્યના વન અને પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરા દ્વારા ખંભાળીયાના સરકીટ હાઉસ ખાતે લોકોના પ્રશ્નો સાંભળવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો તથા આગેવાનોએ રજુઆતો કરી હતી.

તેમણે ભાણવડમાં પણ લોકોની રજુઆતો તથા પ્રશ્નો સાંભળ્યા હતાં. આગેવાનો, સ્થાનિકો તથા કાર્યકરોના પ્રશ્નો સાંભળી તેમણે તમામ પ્રશ્નોનું નોટીંગ કરાવી સંબંધિત તંત્રને આ બાબતે તાકીદે યોગ્ય કરવા સૂચનાઓ આપી હતી. લાંબા સમયે ભાણવડના ધારાસભ્ય મંત્રી બનતા રજુઆતો તથા કામો માટે લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતાં.

## ઓખા નગરપાલિકા સંચાલિત હાઈસ્કૂલમાં કાયમી આચાર્યની નિમણૂક નહિ કરતા વહીવટ પર અસર

ઓખા : ઓખા પાલિકા સંચાલિત હાઈસ્કૂલમાં પ્રાથમિક વિભાગમાં ફરજ બજાવતા આચાર્યના બે વરસ પહેલા કોરોનામાં અવસાન પછી ખાલી પડેલી જગ્યા પર કોન્ટ્રાક્ટ આધારિત આચાર્યની ભરતી કરવામાં આવી હતી, પરંતુ તે આચાર્યએ પણ બે-ત્રણ માસ નોકરી કરી રાજીનામું આપી દેતા છેલ્લા આઠ માસથી આચાર્ય વગર શિક્ષણનો વહીવટ ઈન્ચાર્જથી ચલાવાય છે.

સરકારી સંસ્થા જેવી પાલિકા સંચાલિત સ્કૂલની હાલત આવી હોય તો અન્ય શાળાઓની હાલત કેવી હશે. રાજ્ય સરકારના શિક્ષણ ક્ષેત્રના સ્લોગન 'ભણે ગુજરાત ભણાવશે ગુજરાત' કેટલું અને કેવું સાર્થક છે તે ઉપરની હકીકતો પરથી સ્પષ્ટ દર્શાય છે તેવું પ્રજામાં ચર્ચાય છે.

છેલ્લા આઠ માસથી નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળામાં કરાર આધારિત આચાર્યની ભરતી બાબતે કોઈ ઈન્ટરવ્યૂની જાહેરાત કરવામાં ન આવતા પાલિકાના સત્તાધીશોન ઉદાસીનતા બાળકોના ભવિષ્ય સાથે ખીલવાડ કરતા હોય તેવું લાગી રહ્યું છે.

## જામનગરમાં નિઃશૂલ્ક સારવાર કેમ્પનો પ્રારંભ

જામનગર : જામનગરના સંજીવની હેલ્થ કેર આદિત્ય કોમ્પ્લેકસ, અમર મેડિકલ ઉપર હવાઈ ચોકમાં તા. ૨૦ થી ૨૩ એમ ચાર દિવસ માટેના નિઃશૂલ્ક સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

પેરાલીસીસ (લકવા), સાંધાના દુખાવા, કમરનો દુખાવો, સાયટીકાની આયુર્વેદ પંચકર્મ પદ્ધતિથી માલિશ અને શેક દ્વારા નિઃશૂલ્ક સારવાર આ કેમ્પમાં કરવામાં આવી રહી છે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતાઓએ અગાઉથી ૯૩૨૪૨ ૭૨૯૫૦ ઉપર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. તેમ શિતલબેન શુકલએ જણાવ્યું છે.

## જામનગરમાં સ્થાનકવાસી જૈન સંઘમાં દશ દિવસ સાધર્મિક ભક્તિ મહોત્સવનું આયોજન

જામનગર : હાલાર સંપ્રદાયના પ.પૂ.બા.બ્ર. કેશવજી મુનિ મ.સા. આદી ઠાણા તથા ગુરૂણી પ.પૂ.બા.બ્ર. સ્વ. દયાબાઈ સ્વામીના સુશિષ્યા આદી ઠાણાના શુભ આશીર્વાદથી અનેરો અવસર જામનગરને આંગણે આવેલો છે.

ગુરૂદેવ બ્રા.બ. આગમ અર્ક દર્શક પ.પૂ. રાજેશમુનિ મહારાજ સાહેબના સુશિષ્યો પ.પૂ.હર્ષમુનિ મહારાજ સાહેબ, તેમજ પ.પૂ.બા.બ્ર. રત્નેશમુનિ મહારાજ સાહેબ હાલ જામનગરમાં શેષકાળ આપવા સંઘની વિનંતીથી પધારેલ છે. જેમને શેષકાળમાં સર્વે ઉપાશ્રયમાં લાભ આપતા ધર્મમય નગરી બનાવેલ છે. આ બન્ને જ્ઞાની સંતોની નિશ્રામાં મનસુખભાઈ તથા જયસુખભાઈની ૩૯મી પુણ્યતિથિ નિમિત્તે તા.૧૧-૦૨-૨૦૨૩ થી તા. ૨૦-૦૨-૨૦૨૩ (દશ દિવસ) સુધી સવારે ૮:૩૦ થી ૯ અને બપોરે ૧૨:૩૦ થી ૧ વાગ્યા દરમિયાન જયસુખલાલ મનસુખલાલ વાલજીભાઈ શાહ પરિવાર હ. સંઘમાતા હેમલતાબા શાહ પરિવાર તરફથી જયસુખલાલ મનસુખલાલ વાલજીભાઈ શાહ સ્થાનકવાસી જૈન ઉપાશ્રય વારીઆના ડેલામાં પાંચ સામાયિક, ચાર સામાયિક અને ત્રણ સામાયિકનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારપછી ભોજન લોકાગચ્છ કુંવરજી જ્ઞાતિની વાડી, ચાંદીબજાર, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

આ આયોજનમાં ઘી, તેલ, ગોળ અને અનાજની કીટ મેળવવા ઈચ્છતા સભ્યોએ પરિવાર દીઠ એક સભ્યએ ૧૦ દિવસ વ્યાખ્યાન દરમિયાન એક સામાયિક ફરજીયાત કરવાની રહેશે. જેનો સ્પેશ્યલ પાસ આપવામાં આવશે. જે ભરેલા ફોર્મની સાથે ૧૦ પાસ જોડવા પડશે અને કીટ મેળવવાની રહેશે. જેમણે ૧૦ પાસ જોડેલા હશે એમના ઘરે રિક્ષા દ્વારા કીટ પહોંચાડી આપવામાં આવશે. આથી સરનામું, ફોન નંબર સાથે લખવાના રહેશે. કીટ બાબતે બે સભ્યો રાજુભાઈ (મો.૯૭૧૨૩ ૭૪૯૩૦) અને રીટાબેન (મો. ૭૫૬૭૮ ૮૨૭૭૨) સતત સંપર્કમાં રહેશે. કીટમાં કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો દિપકભાઈ શાહ(મો.૯૮૨૪૨ ૪૦૬૬૦), મયુરભાઈ શાહ (મો.૯૮૨૫૨ ૧૧૨૫૮) અથવા પ્રકાશભાઈ શાહ-થાનગઢવાળા (મો.૯૮૯૮૯ ૪૬૪૬૪) નો સંપર્ક કરવો.

## કલેકટરની અધ્યક્ષતામાં સશસ્ત્ર સેના ધ્વજ દિવસની બેઠક યોજાઈ

### સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળમાં મહત્તમ ફાળો આપનાર દાતાઓનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યુ

જામનગર : જિલ્લા કલેક્ટર ડૉ. સૌરભ પારધી અને જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ પ્રમુખ જામનગરની અધ્યક્ષતામાં સશસ્ત્ર સેના ધ્વજ દિવસની બેઠક અને સેવારત/પુર્વ સૈનિકોની સમસ્યા નિવારણ બાબતે તા. ગત ૧૮ જાન્યુઆરીના રોજ ત્રિમાસીક બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળમાં મહત્તમ ફાળો આપનાર દાતાઓનું કલેક્ટર અને પ્રમુખ દ્વારા મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યુ હતુ.

બાદમાં સેવારત/પુર્વ સૈનિકોની સમસ્યા નિવારણ બાબતની મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પુર્વ સૈનિકો તરફથી મળેલ મુદ્દાઓ તથા નિવૃત જવાનોના પરિવારોને માસિક આર્થિક સહાય, દિકરી લગ્ન સહાય, સ્કોલરશીપ, અંતીમક્રિયા સહાય, રાજય સરકાર તરફથી આપવામાં આવતી વિવિધ આર્થીક સહાય, યુધ્ધ જાગીર ભથ્થુ, કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવતી સહાય વિગેરે વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં કલેકટરએ જણાવેલ કે “આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે ફંડ” થી એકત્ર કરેલ ભંડોળનો ઉપયોગ શહીદો/ક્ષતીગ્રસ્ત સૈનિકો/સ્વ. સૈનિકોના ધર્મપત્નિ અને સ્વ. સૈનિકોના આશ્રીતોને વિવિધ સહાય માટે કરવામાં આવે છે.

બેઠકમાં જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, જામનગરના કમાન્ડર સંદીપ જેસવાલ (નિવૃત), જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી દ્વારા જણાવવામાં આવેલ કે “આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે” ફંડમાં નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કુલ ૧૫ લાખ રૂપિયાનું ભંડોળ એકત્ર કરવામાં આવ્યું હતું. તેની સામે તા. ૦૧/૦૪/૨૦૨૨ થી તા. ૩૧/૧૨/૨૦૨૨ સુધીમાં પુર્વ સૈનિકો/સ્વ. સૈનિકોના ધર્મપત્નિ/સ્વ. સૈનિકોના આશ્રિતોના કુલ ૬૯ કેસો જેમાં માસિક આર્થિક સહાય, દિકરી લગ્ન સહાય, અંતીમ ક્રિયા સહાય, શિષ્યવૃતિ મળી કુલ રૂ. ૨૨,૦૩,૯૦૦ની સહાય ચૂકવવામાં આવી છે.

## જામનગરમાં જિ.પં. કર્મચારીઓ માટે આવતીકાલે ક્રિકેટ સીલેકશન નેટ યોજાશે

જામનગર : આગામી દિવસોમાં સ્વ. બળવંતરાય મહેતા આંતર જિલ્લા પંચાયત ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાનાર છે. જે સંદર્ભમાં જામનગર જિલ્લા પંચાયતની ટીમનું સીલેકશન કરવા માટે આવતીકાલ તા. ૨૨-૧ ના સવારે ૧૦ વાગ્યે ક્રિકેટ બંગલાના મેદાન પર સીલેકશન નેટ યોજવામાં આવી છે. જેમાં જિ.પં.માં નોકરી કરતા તમામ કર્મચારીઓ, શિક્ષકો, કલાર્ક, તલાટી-કમ-મંત્રી, ગ્રામ સેવક, આરોગ્ય વિભાગના કર્મચારીઓ, તા.પં.ના કર્મચારીઓ ભાગ લઈ શકશે. વધુ વિગતો માટે હરિસિંહ ગોહીલ (૯૮૨૪૨ ૪૬૭૪૩) નો સંપર્ક કરવા જણાવાયું છે.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## મહિલા રમતવીરોની જાતિય સતામણી મામલે સત્ય ઉજાગર કરવું જરૂરી

જે રમત વીરોએ રાષ્ટની શાન વધારી છે. દેશને ચન્દ્રકો અપાવ્યા છે તે રમતવીરો જન્તરમન્તર પર ધારણા પર બેઠા છે તેઓએ જે આરોપો લગાવ્યા છે તે અતિ ગંભીર કહી શકાય તેવા છે અહીં કોઈ એકલ દોકલ રમતવીર નથી પણ તમામ રમતવીરો છે. આથી બિરજભૂષણ પરના આરોપો સત્ય હશે જ એમ માની શકાય આ માણસ ભાજપ માંથી અનેકવાર ચૂંટાયેલો છે. અને બહુ તાકાતવાન અને બાહુબલી મનાય છે. પરંતુ તે કાયદાથી પર છે એમ માની શકાય નહીં!.આથી આ બાબતમાં તપાસ કરી જો તે દોષી હોય નો તેનું રાજીનામુ લઈને કડકમાં કડક સજા કરી, હાથકડી નાખી જેલભેગો કરવો જોઈએ. ભાજપમાંથી તે ચુંટાયેલોછે એટલે એને છાવરવાની બિલકુલ જરૂર નથી. જેથી સમાજમાં દાખલો બેસે જનતાએ બહુમતીથી એને ચૂંટ્યોછે એટલે તે કાયદાથી પર નથી રમતવીરો આ રાષ્ટ્રની શાંન છે એને ન્યાય મળવો જોઈએ અને અને તેની તટસ્થ તપાસ કરી જો આ માણસ પરના આરોપ સાબિત થઈ તો તેને કડક સજા તેવી જોઈએ.જો એના ગુના ને છવરવામાં આવે તો રમતવીરોએ તેના પર એફ આઈ આર દાખલ કરવી જોઈએ.

રેસલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયા (WFI)ના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ સામે પગલાં લેવાની માગ સાથે ગુરુવારે જંતર-મંતર ખાતે તમામ દિગ્ગજ કુસ્તીબાજોની હડતાળ બીજા દિવસે પણ યથાવત્ રહી હતી. આ ઘટનાને પગલે સરકારે પણ એક્શનમાં આવી હતી અને ખેલ મંત્રાલયે ખેલાડીઓ સાથે મહત્વની બેઠક યોજી હતી. તો બીજી તરફ કેન્દ્રીય રમત-ગમત મંત્રી અનુરાગ ઠાકુરે પણ દિલ્હીમાં તેમના નિવાસસ્થાને કુસ્તીબાજો સાથે ચર્ચા કરી હતી. અનુરાગ ઠાકુર સાથે બબીતા ફોગટ, સાક્ષી મલિક, બજરંગ પુનિયા, વિનેશ ફોગટ અને અન્ય કુસ્તીબાજોએ મુલાકાત કરી WFIના પ્રમુખ સામેના તેમના વિરોધ અને આરોપોના સંદર્ભમાં ચર્ચા કરી હતી. તો આ દરમિયાન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ડીજી સંદીપ પ્રધાને પણ અનુરાગ ઠાકુરના નિવાસ સ્થાને જઈ કેન્દ્રીય મંત્રી અને કુસ્તીબાજો સાથે ચર્ચા-વિચારણા કરી હતી. મળતી માહિતી મુજબ, અહીં ડિનર કરવાની સાથે ખેલાડીઓ રમત-ગમત મંત્રી સાથે પોતાની ફરિયાદો પર ચર્ચા કરી રહ્યા છે.રમત-ગમત મંત્રાલય તરફથી બ્રિજ ભૂષણ સિંહને એક દિવસમાં ફેડરેશનના અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપવા માટે કહેવાયું છે. કહેવામાં આવી રહ્યું છે કે તેમને મંત્રાલય તરફથી ફોન કરીને સૂચના અપાઈ છે. એવું પણ કહેવાયું છે કે જો તેઓ આમ નહીં કરે તો તેને પદ પરથી હટાવી દેવામાં આવશે. જોકે તો બ્રિજભૂષણ સિંહે અત્યારે રાજીનામું આપવાનો ઈન્કાર કરી દીધો છે.

તો બીજી તરફ રેસલિંગ એસોસિએશનના પ્રમુખ બ્રિજ ભૂષણ સિંહે જણાવ્યું કે, મારા પર જે પણ આરોપો લગાવાયા છે તે દીપેન્દ્ર હુડ્ડા અને કોંગ્રેસ દ્વારા ઉભાયા કરાયા છે. કેટલાક એવા ખેલાડીઓ છે જેમની કારકિર્દી ખતમ થઈ ગઈ છે. તેઓ મારા પર આરોપ લગાવી રહ્યો છે. હું કોઈપણ પ્રકારની તપાસ માટે તૈયાર છું. જ્યારે કશું કર્યું જ નથી, તો કોઈ વાતનો ડર નથી.

અનુરાગ ઠાકુરે જણાવ્યું કે, કુસ્તીબાજોએ કરેલા આરોપોને ધ્યાનમાં લઈને મંત્રાલયે WFIને નોટિસ મોકલીને ૭૨ કલાકમાં જવાબ આપવા જણાવ્યું છે. આગામી શિબિર પણ તાત્કાલિક અસરથી મોકૂફ રખાઈ છે.કુસ્તીબાજોએ વિરોધને વધુ કડક બનાવવાની ચીમકી ઉચ્ચારી છે.અગાઉ દેશના ટોચના કુસ્તીબાજોએ ગુરુવારે વિરોધ-પ્રદર્શનને વધુ કડક કરવાની વાત કરી હતી અને કહ્યું હતું કે સરકારે તેમને માત્ર ખાતરીઓ આપી છે, કોઈ સંતોષકારક જવાબ આપ્યો નથી અને જો રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI) ને તાત્કાલિક અસરથી ભંગ કરાશે નહીં તો તેઓ WFI પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ અનેક FIR નોંધાવશે. કુસ્તીબાજોએ સતત બીજા દિવસે જંતર-મંતર પર તેમની બેઠક યથાવત્ રાખી અને આ વિરોધ-પ્રદર્શનમાં વધુ કુસ્તીબાજો જોડાઈ રહ્યા છે. આ તમામ કુસ્તીબાજો WFI પ્રમુખ સામે વિરોધ કરી રહ્યા છે જેના પર જાતીય સતામણી અને ગુંડાગીરીનો આરોપ છે. બ્રિજ ભૂષણ ને જે નિવેદન આપ્યું છે તે અર્થહીન એટલા માટે છે કે અહીં કોઈ એકલદોકલ રમત વીર નથી પણ તમામ રમત વીરો છે.માટે સરકાર તત્કાળ તપાસ કરી રમતવીરોનો પ્રશ્ન ઉકેલે એ સૌના હિતમાં છે.

# કાંદો મરદનો બાંધો પણ કાંદાનો ખેડૂત માંદો

**વિકાસ અને વિકલ્પ**

-ડૉ. નાનક ભટ્ટ



**સૌરાષ્ટ્રમાં કહેવત છે "કાંદાનો ખેડૂ માંદો." પરંતુ દેશભરમાં લિટર પેટ્રોલ અને કિલો ડુંગળીના ભાવ રૂ.૧૦૦/- થઈ જાય એટલે લાગે કે ખેડૂ માલામાલ થઈ ગયા. પરંતુ જમીન ઉપરની સ્થિતિ ભ્રમ ભાંગે છે**

દુનિયામાં ચીન, પાકિસ્તાન, હિન્દુસ્તાન અને કંઈક અંશે દક્ષિણ અમેરિકામાં ડુંગળીનો પાક થાય છે. પરંતુ વિશ્વના કુલ ઉત્પાદન પૈકી ૬૫ ટકા ડુંગળી માત્ર હિન્દુસ્તાનમાં પાકે છે અને ૬૫ ટકાનો લગભગ ૩૮ ટકા જેવો હિસ્સો માત્ર ભાવનગર અને રાજકોટ જિલ્લામાંથી ઉત્પન્ન થાય છે. સફેદ અને લાલ ડુંગળીની બે મુખ્ય જાતો, પરંતુ તેના ઉત્પાદનના સમયગાળામાં કે તેના સ્વાદમાં કશો ફરક હોતો નથી. જુલાઈ ઊતરતાં ચોમાસે ડુંગળીના રોપનું વાવેતર થાય. આથી ડિસેમ્બર માસના બીજા-ત્રીજા અઠવાડિયાથી ફેરિયાઓ લીલી ડુંગળી લઈ ઘરે ઘરે ફરવા લાગે છે. પરંતુ નાસિકનો લાઈટરેડ પ્રકારનો ૨૨થી ૨૭ એમ.એમ.નો બલ્બ (ડુંગળી) કે પછી સૌરાષ્ટ્રનું લોદર પરિપકવ સ્થિતિમાં તૈયાર થતાં માર્ચ મહિનો આવી પહોંચે છે.

વિશ્વમાં સહુથી વધુ માત્રામાં ખવાતી ડુંગળી શાકભાજીની હરોળનો ખોરાક છે. પરતું તેમાં ૯૨ ટકા પ્રવાહી અને ૮ ટકા ઘન સ્વરૂપે મિનરલ્સ, ફૉસ્ફેટિક કંપાઉન્ડ જેવા કે પોટૅશિયમ, મૅગ્નેશિયમ રહેલાં હોય છે. ડુંગળી આંખમાંથી આંસુ પાડનારી હોય છે તેનું કારણ તેમાં રહેલ અમોનિયમ છે. ડુંગળીમાં ભેજનું પ્રમાણ અત્યંત વધુ હોઈ જમીનમાંથી બહાર ખુલ્લા તાપ નીચે તેનાં વજન અને કદમાં રોજ ૬થી ૭ ટકાની ઘટ થાય છે. સૂર્યના તાપથી બચાવવા ખેડૂત જો ડુંગળીને હવા-પ્રકાશથી દૂર રાખે તો તેમાં મોલ્ડ નામની ફૂગ થઈ જાય છે અને આઠદસ દિવસમાં ડુંગળી પોતાની જ ગરમીથી બફાઈ જાય છે. પછી ગંધ મારતી ડુંગળી તો પશુઓ પણ ખાતાં નથી. આવી રોગયુક્ત ડુંગળીને ખેડૂતે પોતાના હાથે જ બાળી દેવી પડે છે.ગોરાડુ કે મીઠી કાળી જમીનમાં ઊગતી ડુંગળીની યોગ્ય માવજત થાય તો ખેડૂત હેકટરે ૩૦થી ૩૫ હજાર કિલોનો ઉતારો મેળવી શકે છે. વીજળીની તંગી અને જમીનના ઊંડા તળનાં પાણીની સ્થિતિ વચ્ચે ખેડૂતોને ડુંગળી પકવવાની હોય છે. યુરિયા અને ડી.એ.પી. પ્રકારના ખાતરનાં ઊંચા ખર્ચ પછી મળતા પાકની જોખમી જાળવણીનો પ્રશ્ન ખેડૂતોના માથે સળગતો જ રહે છે. આવી સ્થિતિમાં જ્યારે માર્ચથી મે મહિના સુધીમાં ડુંગળીનું સામટું ઉત્પાદન બજારમાં આવે છે, ત્યારે માર્કેટયાર્ડમાં ડુંગળીનું કોઈ ધણીધોરી થતું નથી. પાછલાં વર્ષોમાં સૌરાષ્ટ્રના વિસ્તારોમાં તો ખેડૂતોને પોતાનાં ખેતરની ડુંગળી બહાર ખેંચવાની મજૂરી પણ ન પોસાતાં ગામમાં ઢોલ પીટી ડુંગળીની મફત લહાણી કર્યાના બનાવ નોંધાયા છે.

દૂધ માફક ડુંગળી લાંબો સમય સુધી ન ટકે તેવી ખેત પેદાશ છે. બને છે એવું કે રાજકોટ અને ભાવનગરની બજારમાં ડુંગળીના ભાવ પડી ગયા હોય પણ કલકત્તા, મદ્રાસ અને દિલ્હીનાં બજાર ઊંચકાયેલાં હોય આથી ટેલિફોનથી જાણેલ બજારભાવ આધારે ખેડૂત સિમલા કે ચંદીગઢ સુધી સોદો કરી નાખે છે. પરંતુ ૨૦-૨૨ ટન ભરેલી ડુંગળીના થેલાઓમાં હવાની અવર-જવર ન ૪ નો ટૂકમાં ૬-૮ દિવસની મુસાફરી દરમ્યાન ગરમીથી ડુંગળીમાં ફંગસ લાગી જાય છે. ડુંગળી પોતાનું પાણી છોડી દે છે અને માર્કેટયાર્ડમાં પહોંચતી ડુંગળીની ખેત ટ્રક ભાડા જેટલી પણ રહેતી નથી. ડુંગળીના બજારની બીજી વિચિત્રતા એ છે કે ડુંગળીની દલાલી કરતા વ્યાપારીઓ ખેડૂતો પાસે ૬% દલાલી વસૂલે છે તેમ માલ ખરીદનાર વ્યાપારી પાસેથી પણ ૬% દલાલી પડાવે છે. આમ ડુંગળીના વપરાશકારો માથે બિનજરૂરી ૧૨%નો બોજો આવી પડે છે.

શાકભાજીની નિકાસમાં સૌરાષ્ટ્રની ડુંગળીનો હિસ્સો ૯૦% હોવા છતાં ખેડૂતોના હિત માટે ભારત સરકારે બનાવેલ સંસ્થા નાફેડ વરસે ૫૦ હજાર ટન પણ ડુંગળી ખરીદ કરતી નથી. ટેકાના ખરીદ ભાવ જાહેર કરતું નથી. અને જ્યારે બજારમાં ડુંગળીની ખેંચ ઊભી થાય ત્યારે ખેડૂતો ઉપર રોક લગાવી મિડલઈસ્ટ અને યુરોપમાં ડુંગળીની નિકાસ અટકાવી દેવામાં આવે છે. દેશનું સંચાલન કરતા અર્થશાસ્ત્રીઓ માને છે કે નિકાસ બંધ કરતાં બજાર દબાશે. પણ રાજકારણ અને વહીવટી તંત્રના નિર્ણયો સુખી લોકોના સુખ માટે અનામત હોય છે. તેમાં હવે ડુંગળીના વ્યાપારીઓનો સમાવેશ પણ થયો છે.

સૌરાષ્ટ્રના ખેડૂતોના હિત માટે સંગઠિત ગુજરાત ડુંગળી ઉત્પાદક સંઘને રાજ્ય સરકારે ૨૭ લાખનું શેરભંડોળ આપ્યું છે અને ધોરાજી, જામજોધપુર, રાજકોટ, તળાજા, મહુવા, અમરેલી અને જૂનાગઢ જિલ્લાની ૫૬ સહકારી મંડળીઓના સંઘના ખેડૂત સભ્યોને ટેકો આપ્યો છે. આ બાબત કંઈક અંશે સારી છે. આમ છતાં સૌરાષ્ટ્રના ડુંગળી ઉગાડતા દોઢ-પોણા બે લાખ ખેડૂતો હજુ નિરાધાર અવસ્થામાં છે. કુદરતના આશ્રયે બે પાંદડે થવા આશાની મીટ માંડતા ખેડૂતોને નથી કોઈ સુધારેલ બિયારણ પહોંચાડતા કે નથી ડુંગળીના સુકારા રોગ સામે રક્ષણ અપાતું. અને આજે તો ડુંગળીના બિયારણના ભાવ ૧ કિલોનાં રૂ.૨૭૦૦/- થયા છે તો પણ ખાત્રીબદ્ધ બિયારણ તો નહીં જ.

ગરીબ માણસ દાલ રોટી સાથે સાથદેતી ડુંગળી કસ્તૂરી સમાન છે. અને હિબ્રૂ ભાષામાં ઓનીઓ (મોતી) તરીકે જાણીતી અનિયન (હૈંહ)ના ભાવ આસમાને ચડે છે ત્યારે શાસકપક્ષની ખુરશીઓના સાંધા હલવા લાગે છે. ડુંગળીના વધતા ભાવ દેશભરની સમસ્યા બને છે. પણ તેનો અડધો ઈલાજ કાઠિયાવાડની જમીન ઉપર ઉપલબ્ધ છે.

ઉપાય તરીકે ભાવનગર જિલ્લાના ગામ તળાજાના સીડ ફાર્મની ૫૮ એકર પડતર જમીન ઉપર સંશોધન વિસ્તરણ કેન્દ્ર પ્રસ્થાપિત કરવાની તાતી જરૂર છે. ખેતી વિભાગ અને ગુજરાત ગ્રોઅર્સ ફેડરેશન જેવી સંસ્થાઓના ઉપક્રમે નાના ખેડૂતોને ત્યાં નિદર્શન યોજાતાં થાય તો સૌરાષ્ટ્રના ખેડૂતોની ડુંગળીની ગુણવત્તા નાસિકની લાઈટરેડની સરખામણીમાં ટક્કર લઈ શકે. ડુંગળીનો પાક બટાકા માફક કોલ્ડ સ્ટોરેજમાં રાખી શકાય તેવી ટેકનોલોજી હજુ આપણા દેશમાં પહોંચી નથી, ત્યારે ગ્રેડિંગ થયા પછીના નબળા માલને ડીહાઈડ્રેટ કરી પાઉડર સ્વરૂપમાં લાવવાનું કામ મહુવામાં ૧૪૭ ઉદ્યોગો કરે છે. ગ્રાહકોમાં ડુંગળી અને લસણના પાઉડરના વપરાશને પ્રચલિત કરવા અને ડુંગળીના ભાવે જ ડુંગળી-લસણની પેસ્ટ ઉપલબ્ધ બને માટે સરકારે ડુંગળીનાં પ્રોસેસિંગ યુનિટને વધુમાં વધુ સુવિધા આપી જૂનાગઢ, અમરેલી અને રાજકોટના ત્રિભેટે વિકસાવવાં જોઈએ.

આસામથી હિમાલય પ્રદેશ અને છેક મદ્રાસના બજારમાં ફરતી સૌરાષ્ટ્રની ડુંગળી અને તેના ખેડૂતોને વ્યાપારીઓની ચુંગાલમાંથી છોડાવવા, અને આમ પ્રજાને વાજબી ભાવે ડુંગળી પહોંચાડવા, મહારાષ્ટ્રના નાસિક પ્રદેશની પદ્ધતિ પ્રમાણે ખેડૂતોને લઘુઉદ્યોગ સહાય યોજના હેઠળ રૂ.૪૦ થી રૂ.૬૦ હજારની લોન આપી ખેતરોમાં ડુંગળીના નાના સ્ટેક (મેડા) તૈયાર કરવાની સવલત પહોંચાડવી જોઈએ. આથી ખેડૂતની સંગ્રહ કરવાની શક્તિ વધશે. ઉપરાંત મોટા મેડા (સ્ટોરેજ)માં ડુંગળી લાવવા, મૂકવા અને ઉપાડવાનો ખર્ચ બચશે. એટલું જ નહીં પણ ડુંગળીમાં એકસાથે અસર કરતા ફૂગના રોગથી થતો બગાડ અટકશે.

આજે સ્થિતિ એ છે કે મહારાષ્ટ્રનાં ગામડાંઓનો ખેડૂત પોતાના ટ્રેક્ટરમાં છૂટી ડુંગળી ભરી બજારોમાં પોતાને પરવડતા ભાવે વેચી શકે છે. તેની સામે સૌરાષ્ટ્રનો ખેડૂત રૂ.૫૦થી રૂ.૬૦ના ભાવનું એક બારદાન (શણની ગૂણી) ખરીદ કરી ડુંગળી પૅક કરે છે. તે પછી ટ્રૅક્ટર ભાડે કરી ધોરી માર્ગ સુધી અથવા માર્કેટયાર્ડમાં લઈ જાય છે, અને પછી ૨૦-૨૨ ટનની ભરતીવાળી ઊંચી વાડની ટ્રકો દ્વારા દૂરનાં બજારોમાં મોકલે છે. પરિણામે ખેડૂત અને ગ્રાહક બંનેને ઘસારો ખમવો પડે છે.

ભુખરી-પથરાળ જમીનના ૬ ઈંચના દળમાં ડુંગળીની ખેતી કરતો સૌરાષ્ટ્રનો ખેડુ ગરીબીવશાત્ ગામના શેઠ પાસેથી દિવાળીમાં ૨૫-૪૦ હજાર રૂપિયા ઉછીના લે અને પોતાની ડુંગળી માંડી દે. તે પછી બૈરાં-છોકરાં સહિત કાળી મજૂરી કરી ડુંગળી પકવે છે. ત્યારે ખેડૂતના હાથમાં કિલો ડુંગળીએ રૂ.૧૨થી રૂ.૧૮અઢી આવે છે. અને માલની હેરાફેરી અને સંગ્રહ કરતા વ્યાપારીઓને એકિલોએ રૂ.૩૮થી રૂ.૪૦ મળે છે! લોકશાહીની બજાર વ્યવસ્થા અને શાસનકર્તાઓમાં પેસી ગયેલાં અનિષ્ટ તત્ત્વોના કારણે આજે ગરીબ ઉપભોકતા પિસાય છે. તો ખેડૂત પણ બે પાંદડે થતો નથી અને હારી-થાકી મોતને શરણે જાય છે. જ્યારે ડુંગળીના સટ્ટાખોરો અને સંગ્રહ કરનારાઓ માલામાલ થઈ જાય છે.

આવા કપરા સમયે તો ખેડૂત તરફી સંગઠનો અને ખેડૂતોને ખેતી વિજ્ઞાન શીખવતી યુનિવર્સિટીના માળખાએ બજાર વચ્ચે ઊભા રહી ખેડૂતોની પેદાશને ઉપભોકતાઓ સુધી પહોંચાડવાનું સાહસ દાખવી દાખલો બેસાડવાની જરૂર છે.

# ૫૦થી વધુ વર્ષથી અનાજનો દાણો ખાધા વગર જીવી રહી છે વૃદ્ધા

**વિશેષ**

જીવન જીવવા માટે ખોરાક સૌથી મહત્વનો છે. ખાધા-પીધા વગર જીવન જીવવું અશક્ય છે. પરંતુ શું તમે ક્યારેય સાંભળ્યું છે કે કોઇ વ્યક્તિ ખોરાક વગર જ જીવન જીવી રહ્યું છે. જી હાં, આ કોઈ કાલ્પનિક વાત નથી પણ વાસ્તવિકતા છે, જેમાં એક વૃદ્ધ સ્ત્રી ખોરાક લીધા વિના જીવી રહી છે. તે માત્ર ચા અને હેલ્થ ડ્રિંક્સ પીને જીવન પસાર કરી રહી છે. હુગલી જિલ્લાના ગોઘાટના શ્યામબજાર પંચાયતના બેલડીહા ગામની એક વૃદ્ધ મહિલા છેલ્લા ઘણા વર્ષોથી ભોજન લીધા વગર અન્ય લોકોની જેમ જ સ્વસ્થ અને સામાન્ય જીવન જીવી રહી છે. વૃદ્ધાનું નામ અનીમા ચક્રવર્તી છે, જેમની ઉંમર લગભગ ૭૬ વર્ષ છે. પરિવારના સભ્યોએ કહ્યું કે, તે ૫૦ વર્ષથી વધુ સમયથી ખોરાક ખાધા વિના સામાન્ય રીતે જીવન પસાર કરી રહી છે. અનીમા ચક્રવર્તીના દીકરાએ જણાવ્યું કે, અમારા પરિવારની સ્થિતિ પહેલા સારી નહોતી અને મારી માતા લોકોના ઘરે કામ કરવા જતી હતી. તે અમારા પરિવારના સભ્યોને ત્યાંથી જે પણ ચોખા અથવા મમરા લાવતી હતી તે ખાવા આપતી હતી. તેથી તેની પાસે કશું જ બચતું ન હતું. અનીમા ચક્રવર્તી આ રીતે ઘરમાં રાંધેલા ખોરાક વગર માત્ર લિક્વિડ દ્વારા જ પેટ ભરતી હતી. હુગલીના એક ડૉ. બિલેશ્વર બલ્લવે કહ્યું, આપણા શરીરને ટકી રહેવા માટે ઊર્જા, કેલરી અને પોષકતત્વોની જરૂર પડે છે. આપણે જે ખોરાક ખાઈએ છીએ તે પ્રવાહી અથવા ઘન હોઈ શકે છે. આપણા શરીરની સામાન્ય પ્રક્રિયા જેમ કે, શ્વાસોચ્છવાસ અથવા પાચનતંત્ર અથવા જીવન ટકાવી રાખવા માટે જે કંઈ પણ જરૂરિયાત રહે છે, તે બધી એનર્જી જે કોષોને જરૂરી છે. એટલે કે કેલરી, જે કોઈને તે પ્રવાહી ખોરાકમાંથી પણ મળી રહે છે, તો પછી તેમને સ્વાસ્થ્ય સંબંધી કોઈ સમસ્યા થતી નથી. વધુમાં તેમણે જણાવ્યું કે, તેને ચા અથવા તે જે પ્રવાહી વસ્તુઓનું સેવન કરે છે, તેનાથી જીવન ટકાવી રાખવા માટે

**વૃદ્ધાના દીકરાએ જણાવ્યું કે, અમારા પરિવારની સ્થિતિ પહેલા સારી નહોતી અને મારી માતા લોકોના ઘરે કામ કરવા જતી હતી**

જરૂરી પોષક તત્વો મળી રહ્યા છે. તેથી તે સંપૂર્ણ સ્વસ્થ છે. આ કોઈ આશ્ચર્યજનક ઘટના નથી. ધારો કે કોમામાં રહેલા કે લાંબા સમયથી બીમાર હોય તેવા તમામ દર્દીઓ લાંબા સમયથી રાઈસ ટ્યૂબ દ્વારા પ્રવાહી લેતા હોય છે, તેથી તેઓ પણ બચી રહે છે. આ વિસ્તારના રહેવાસીઓએ જણાવ્યું હતું કે, અમે જોયું કે અનીમા ચક્રવર્તી નામની વૃદ્ધ મહિલા ખોરાક ખાધા વિના સ્વસ્થ અને સામાન્ય જીવન જીવી રહી છે. તે જોઈને આ વિસ્તારના એક રહેવાસીએ જણાવ્યું કે જ્યારથી મને તેના વિશે જાણ થઈ છે, ત્યારથી મેં આ વૃદ્ધ મહિલાને કોઈ નક્કર ખોરાક ખાધા વિના જીવતી જોઈ છે, તે માત્ર ચા અને હેલ્થ ડ્રિંક જેવા પ્રવાહીનું સેવન કરે છે. ગામના લોકો એક બાજુ આશ્ચર્યમાં છે અને બીજી તરફ આ મહિલાના અસ્તિત્વ પર ખૂબ ગર્વ અનુભવી રહ્યા છે.

# વિશ્વ આયુર્વેદ કોંગ્રસનો સૂર્યોદય

**આસપાસ ચોપાસ**

સુરેશ ભટ્ટ

**ભારતીય સંસ્કૃતિનું એક આગવું અંગ એટલે આયુર્વેદ. હવે આયુર્વેદ વિશ્વસ્તરીય માન્યતા પ્રાપ્ત કરી રહ્યું છે**

આયુર્વેદ એટલે વિશ્વની સૌથી પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ. ભારતીય સંસ્કૃતિના અણમોલ આ વારસાને પાંચમો વેદ પણ કહેવામાં આવે છે.હવે સમય બદલાયો છે.જેની અત્યાર સુધી અવગણના થતી હતી તે હવે વિશ્વમાન્યતા મેળવી જગતને એક નવાજ આયામ તરફ દોરે છે.

આયુર્વેદ સાથે સંકળાયેલ વ્યક્તિ, સંસ્થા, ફેકલ્ટી, વિધાર્થીઓ અને જનતાને એકબીજા સાથે જોડી, વિચારોનું આદાન પ્રદાન કરી આયુર્વેદ સેક્ટરનો વિકાસ માત્ર ભારત માં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં થાય તેવો ઉમદા ઉદ્દેશ્ય છે.આની પ્રથમ કોન્ફરન્સનું આયોજન કેરાલાનાં કોચિ ખાતે કરવામાં આવ્યું હતું. દર વર્ષે વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (ઉછ્રઝ)નું આયોજન ભારતનાં અલગ અલગ શહેરોમાં કરવામાં આવે છે. આ વર્ષે ૯મી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (WAC) નું આયોજન ગત તા. ૮ ડિસેમ્બર થી ૧૧ ડિસેમ્બર સુધી પંજીમ, ગોવા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫૦૦થી પણ વધારે ભારતીય પ્રતિનિધિઓ, ૪૦૦થી વધારે અન્ય દેશોના પ્રતિનિધિઓ અને ૪૫થી પણ વધારે દેશો એ ભાગ લીધો હતો. ૯મી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (ઉછ્રઝ)ની થીમ 'આયુર્વેદ કોર વન હેલ્થ' હતી. 'આયુર્વેદ કોર વન હેલ્થ'ની થીમ દ્વારા વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસે (ઉછ્રઝ) પ્રાણી, પર્યાવરણ અને માનવ પરના આરોગ્ય જોખમોને સંબોધવા માટે મહત્વનું પ્લેટફોર્મ પૂરું પાડયુ છે. સ્થાનિક, રાજકીય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આયુર્વેદ દ્વારા રોગનું નિદાન, નિરાકરણ, દેખરખ ધ્યેય સાથે આ ચાર દિવસીય કોન્ફરન્સમાં વિવિધ સેમિનાર તેમજ માર્ગદર્શિય સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આયુર્વેદની આરોગ્ય અને પર્યાવરણ પર અસરો, આયુર્વેદ દ્વારા રોગનું નિરાકરણ, આયુર્વેદની સંશોધન પદ્ધતિઓ, આયુષ આહાર, આયુર્વેદિક ટેકનોલોજી જેવા વિવિધ વિષયો પર માર્ગદર્શન લક્ષી સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી, રાષ્ટ્રીય કામધેનુ આયોગનાં પૂર્વ અધ્યક્ષ, ય્ઝૈં (ગ્લોબલ ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ)નાં સ્થાપક ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરિયા એ "પશુ આયુર્વેદ ચિકિત્સા અંગે પોતાનું માર્ગદર્શન આપ્યું હતું. તેમની સાથેના પ્રતિનિધિ મંડળમાં રાજકોટથી ભારત સરકારના પશુપાલન મંત્રાલયનાં માનદ્ સલાહકાર મિતલ ખેતાણી અને દિલ્હીથી ય્ઝઝનાં જનરલ સેક્રેટરી પુરીશ કુમાર પણ ઉપસ્થિત રહ્યા હતા. ડો.વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આવનારા ૨૫ વર્ષ આઝાદીના અમૃતકાલને ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવ્યા છે, આ વર્ષોમાં ભારતની સંસ્કૃતિ, વારસો, યોગ, આયુર્વેદ, બૌધિક સંપદા, જીવ વૈવિધતા અને આધ્યાત્મિકતા વિશ્વ મંચ પર ઉજાગર કરીને વિશ્વને ભારતના મહાત્મ્યથી માહિતગાર કરવાના છે. જેમાં દરેક ભારતીયનું

યોગદાન ખૂબ મહત્વનું છે. ડો.વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું



હતું કે આપણી સંસ્કૃતિને વિશ્વ મંચ પર લઈ જવા માટે સંસ્કૃતિને ઓળખીને અપનાવવાની જરૂર છે. આયુર્વેદની વિવિધ શાખાઓને જાણીને આયુર્વેદને માનવ વનસ્પતિ અને પશુ ચિકિત્સામાં વિકસાવવાની જરૂર છે. જેના માટે ભારતમાં બનેલા આયુર્વેદિક સંશોધનો અને કેન્દ્રોને એકબીજા સાથે જોડવાની જરૂર છે. આ સાથે, આપણે આયુર્વેદ ક્ષેત્રના વિકાસ સાથે તમામ મંત્રાલયોને જોડીને આયુર્વેદમાં નવી ઊંચાઈઓ હાંસલ કરી શકીએ છીએ. પશુ આયુર્વેદ નીતિ વિશે માર્ગદર્શન આપતા ડો.વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું હતું કે આપણે આપણી રૂઢીગત માન્યતાઓ અને લઘુતાગ્રંથી બદલવાની જરૂર છે. આયુર્વેદના ક્ષેત્રના વિકાસ માટે સંશોધનને પ્રોત્સાહન આપવાની જરૂર છે. ભારતીય કોઠાસૂઝ અને દેશી પરંપરાગત પદ્ધતિઓને પંચગવ્ય અને આયુર્વેદ સાથે મળી પશુઓ અને ગૌમાતાના આરોગ્યની સંભાળ, સામાન્ય બીમારોની સારવાર અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવાની અદભૂત સમતા છે. આ પદ્ધતિઓ સરળ, સુલભ, લોકભોગ્ય અને સસ્તી પણ છે. વિવિધ આયુર્વેદ કામાં કંપનીઓને પણ પશુઓ માટે પશુ આયુર્વેદ દવાના મેન્યુફેક્ચરીગ માટે આગળ આવવા અનુરોધ કર્યો હતો. તેમના માર્ગદર્શનના અંતે તેમણે કહ્યું કે આપણે આપણા દેશે આપણા માટે શું કર્યું તે ન પૂછવું જોઈએ, પરંતુ આપણે આપણા દેશ માટે શું કરવું તે વિચારવું જોઇએ.

ગોવાના પણજીમાં શરૂ થયેલી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસમાં ડબ્લ્યુએચઓના ટ્રેડિશનલ મેડિસિન અને ટેકનિકલ ઓફિસરે જણાવ્યું કે ડબ્લ્યુએચઓનું ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન ઘણા દેશોમાં વધુ પુરાવા આધારિત આયુર્વેદ લાવવા માટે તૈયાર છે. વિશ્વભરમાં. સરકારો સાથે કામ કરવું પડશે.ટૂંક સમયમાં જ વિશ્વના બે સૌથી મોટા મેડિકલ ક્લિનિક્સ એક સાથે મોટા પાયે દર્દીઓની સારવાર કરતા જોવા મળશે. વિશ્વ આરોગ્ય સંસ્થા(ડબ્લ્યુએચઓ) એ દેશના પાંચ લાખથી વધુ આયુર્વેદ ડોકટરોને સારવાર આપવામાં મદદ કરવા માટે એલોપેથી સાથે ભારતની પરંપરાગત દવાને જોડીને એક હાઈબ્રિડ મોડ્યુલ તૈયાર કર્યું છે.તેની પ્રેક્ટિસનું નિયમન કરવા માટે, નિયત ધોરણો અને પ્રમાણભૂત પરિભાષિત દસ્તાવેજ પણ તૈયાર કરવામાં આવ્યા છે જે આયુર્વેદના પ્રેક્ટિશનરોને આધુનિક દવાઓ સાથે વધુ સરળ રીતે જોડાવવામાં મદદ કરશે. વિશ્વભરની ઘણી સરકારો સાથે કામ કરે છે તેમણે કહ્યું કે અમે આયુર્વેદને રોગોના આંતરરાષ્ટ્રીય વર્ગીકરણમાં સામેલ કરવા માટે ઘણું કામ કરી રહ્યા છીએ.

ટૂંક સમયમાં જ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ભારતના આયુર્વેદ ડૉક્ટરો માટે એક નિયમનકારી સહકાર પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવશે, જેને રેગ્યુલેટરી કોઓપરેશન પ્લેટફોર્મ પણ કહેવામાં આવશે. આ આગામી ૧૦ થી ૧૫ વર્ષમાં આયુર્વેદની વૈશ્વિક સ્વીકૃતિ મેળવવામાં મદદરૂપ થશે. આયુર્વેદ સસ્તું છે, ૯૩ દેશોમાં તેની સારવાર ચાલી રહી છે: ડબ્લ્યુએચઓના ટ્રેડિશનલ મેડિસિન અને ટેકનિકલ ઓફિસરે જણાવ્યું કે, 'અમારી પાસે જે પુરાવા છે તે દર્શાવે છે કે આયુર્વેદ અને એલોપથી બંનેનો ઉપયોગ દર્દીઓના લાભ માટે થઈ શકે છે.આયુર્વેદનું વૈશ્વિક બજાર ૨૦૨૨ સુધીમાં રૂ.૨.૪૭ લાખ કરોડ થવાનો અંદાજ છે.

# પાકિસ્તાનમાં શરદી-ઉધરસની દવાની પણ સર્જાશે અછતઃ માત્ર ૨ દિવસનો જ સ્ટોક



ઈસ્લામાબાદ,
પાડોશી દેશ પાકિસ્તાનની આર્થિક હાલત ખૂબ જ કફોડી થતી જોવા મળી રહી છે. વીજળી, ગેસ, ઘઉં-લોટ અને રોજબરોજના સામાનની કટોકટી બાદ હવે ત્યાં દવાઓનું પણ સંકટ ઉભું થયું છે કારણ કે પાકિસ્તાન પાસે દવાઓના ઉત્પાદન માટે માત્ર બે દિવસનો કાચો માલ બચ્યો છે. મળતી માહિતી મુજબ પાકિસ્તાનના ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચર્સ એસોસિએશને આ સંકટની ચેતવણી આપી હતી અને આવી ગંભીર સ્થિતિ માટે કેન્દ્રીય બેંકના ગવર્નર અને નાણા મંત્રીની ટીકા કરી હતી. સેનેટ સ્ટેન્ડિંગ કમિટી ઓન ફાઈનાન્સની બેઠકમાં પાકિસ્તાન ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચર્સ એસોસિએશનનું પ્રતિનિધિત્વ કરનારા અરશદ મલિકે જણાવ્યું હતું કે ફાર્મા ઉદ્યોગ પાસે ૨ મહિનાનો ઈન્વેન્ટરી સ્ટોક હતો જે હવે લગભગ ખલાસ થઈ ગયો છે.

પાકિસ્તાનમાં આવી સ્થિતિ ત્યારે સામે આવી જ્યારે કેન્દ્રીય બેંકે કાચા માલની આયાત માટે ફાર્માસ્યુટીકલ ઉદ્યોગને નવા સંમતિ પત્રો જારી આપવાનો ઈનકાર કર્યો હતો. આવામાં નાણા મંત્રાલય અને કોમર્શિયલ બેંકો પાસેથી મદદ માંગ્યા બાદ પણ કોઈ મદદ મળી નથી. હવે ફાર્મા કંપનીઓએ દવાઓની સપ્લાઈ ચેઈન તૂટતી અટકાવવા માટે પાકિસ્તાની સાંસદો પાસે તાત્કાલિક મદદ માંગી છે.પાકિસ્તાનમાં ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ ૬ અબજ ડોલરનું છે અને તેની આયાત પર નિર્ભરતા લગભગ ૯૩ ટકા છે. રોકડની તંગી વચ્ચે ઘણી રાષ્ટ્રીયકૃત બેંકોએ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને ન્ઝ જારી કરવાનો ઈનકાર કર્યો છે. ફાર્મા કંપનીઓના પ્રતિનિધિઓ માહિતી આપી છે.

# ડ્રગ માફિયાઓની ઈમાનદારીથી પોલીસ પણ પ્રભાવિત, ખુદે ખોલ્યો રાઝ

લંડન,
સામાન્ય માણસ પ્રમાણિક હોવો જોઈએ એ જરૂરી નથીપ ચોર, દાણચોરો અને ગુનેગારો પણ ક્યારેક એવી ઈમાનદારી બતાવે છે કે પોલીસ પણ મુંઝાઈ જાય છે. સામાન્ય રીતે પોલીસને ગુનાની તપાસ કરવામાં ઘણા કલાકો અને દિવસો લાગી જાય છે, પરંતુ જો કોઈ સામેથી કહે કે તેણે ગુનો કર્યો છે તો આખો મામલો થોડી જ સેકન્ડોમાં ઉકેલાઈ જાય છે. બ્રિટનમાં આવો જ એક કિસ્સો સામે આવ્યો છે, જ્યાં પોલીસને વધુ મહેનત કરવી પડી નહીં અને તસ્કરે પોતે જણાવ્યું કે ડ્રગ ક્યાં રાખવામાં આવ્યું હતું. બ્રિટિશ પોલીસે કોકેઈનના વિશાળ કન્સાઈનમેન્ટનું ઠેકાણું માત્ર એક પ્રશ્ન પૂછીને શોધી કાઢ્યું કારણ કે ડ્રગ ડીલરે તેમને સીધો અને સચોટ જવાબ આપ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે ડ્રગ કુરિયર કિરન ગ્રાન્ટને લગભગ ૧૦:૩૦ વાગ્યે રોકવાનો સંકેત આપવામાં આવ્યો હતો. તેની કારની તપાસ કરવામાં આવી હતી. આ કાર ડીલર ૪૦ વર્ષથી ચલાવી રહ્યો હતો. તેમની કારનો વીમો નહોતો. પોલીસે તેને કારમાંથી બહાર આવવા કહ્યું અને પૂછ્યું કે શું કારમાં એવું કંઈ છે જેની અમને ખબર નથી.

ડ્રગ ડીલર ગ્રાન્ટે પોલીસને જણાવ્યું હતું કે તેના બૂટ (ડિગ્ગી)માં મોટી માત્રામાં ડ્રગ્સ હતું, જે કોકેઈન હતું. આ પછી, પોલીસે તેની કારના થડની તપાસ કરી, જેમાં કોકેઈનની કુલ ૧૯ ઈંટો મળી આવી, જેનું વજન ૧૯ કિલો હતું. તે ઉત્તમ રીતે પેક કરવામાં આવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર આ ડ્રગની કિંમત ૨૦ કરોડ રૂપિયાથી વધુ છે.

ગંભીર અને સંગઠિત અપરાધ એકમના ડિટેક્ટીવ સાર્જન્ટ લીઓ ફોર્ડહેમે જણાવ્યું હતું કે તે ડ્રગ્સની મોટી જપ્તી હતી. નિઃશંકપણે એસેક્સના રસ્તાઓ પર એક મોટું પગલું લેવામાં આવ્યું છે. આપણે બધા સારી રીતે જાણીએ છીએ કે દવાઓ લોકોને ખૂબ નુકસાન પહોંચાડે છે. આમાં દવા લેનાર અને સપ્લાયર બંનેનો સમાવેશ થાય છે. આ કિસ્સામાં, વીમા વિના ડ્રાઈવિંગ માટે ગ્રાન્ટને ભારે ખર્ચ થયો છે અને તે ગુનાહિત કુરિયર તરીકે આગળ આવ્યો છે. હવે તે તેના દુષ્કૃત્યો માટે જેલના સળિયા પાછળ જીવન વિતાવશે. ગ્રાન્ટે તેની સામેના આરોપો સ્વીકારી લીધા છે અને કોર્ટે ૧૩ જાન્યુઆરીએ તેને કુલ આઠ વર્ષની જેલની સજા ફટકારી છે.

# સૌથી મોંઘી સેન્ડવીચની કિંમત ૧૭ હજાર રૂપિયા



નવી દિલ્હી,
બાળકો હોય કે વડીલો, સેન્ડવીચ એક એવી વાનગી છે જે દરેક ઉંમરના લોકો ખાવાનું પસંદ કરે છે. બ્રેડ વચ્ચે શાકભાજી કે મીટ રોસ્ટ કરીને પછી ક્રિસ્પી સેન્ડવીચ ખાવાથી અદ્ભુત અનુભવ થાય છે. સામાન્ય રીતે રસ્તાના કિનારે મળતી સેન્ડવીચની કિંમત એટલી ઓછી હોય છે કે સામાન્ય લોકો પણ તેને સરળતાથી ખાઈ શકે છે. બીજી તરફ, મોટી રેસ્ટોરન્ટ વગેરેમાં મળતી સેન્ડવીચ થોડી મોંઘી છે. પરંતુ અમેરિકાના એક શહેરમાં એક એવી સેન્ડવીચ જોવા મળે છે જે એટલી મોંઘી છે કે સામાન્ય માણસ તેને ખરીદવાનું વિચારી પણ શકતો નથી. અમે જે સેન્ડવિચ વિશે વાત કરી રહ્યા છીએ તે વિશ્વની સૌથી મોંઘી સેન્ડવિચ છે. ઓડિટી સેન્ટ્રલ ન્યૂઝ વેબસાઈટના રિપોર્ટ અનુસાર ન્યૂયોર્કની સેરેન્ડિપિટી ૩ રેસ્ટોરન્ટમાં મળેલી સેન્ડવિચ દુનિયાની સૌથી મોંઘી સેન્ડવિચ છે. તેને ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાંથી આ ખિતાબ મળ્યો છે. આશ્ચર્યજનક રીતે, સેરેન્ડિપિટી ૩ રેસ્ટોરન્ટમાં સૌથી મોંઘી મીઠાઈ, સૌથી મોંઘુ હેમબર્ગર, સૌથી મોંઘુ હોટ ડોગ અને સૌથી મોટી વેડિંગ કેકનો રેકોર્ડ પણ છે. અમે જે સેન્ડવિચ વિશે વાત કરી રહ્યા છીએ તેનું નામ છે ક્વિન્ટેસેન્શિયલ ગ્રીલ્ડ ચીઝ સેન્ડવિચ. તેમાં પડતી વસ્તુઓ ઘણી મોંઘી અને મેળવવી મુશ્કેલ છે. તમને જણાવી દઈએ કે આ સેન્ડવિચની કિંમત ૧૭ હજાર રૂપિયા છે. તે ફ્રેન્ચ પુલમેન શેમ્પેઈન બ્રેડના બે ટુકડાનો ઉપયોગ કરે છે, જે ડોમ પેરીગ્નન શેમ્પેઈન અને ખાદ્ય સોનાના ટુકડા સાથે બનાવવામાં આવે છે. તે સફેદ ટ્રફલ માખણ સાથે ફેલાય છે અને બ્રેડ વચ્ચે કેસિઓકાવાલો પોડોલીકો ચીઝ ફેલાયેલુ છે.

## ભારત-પાકિસ્તાનના મહામુકાબલા માટે મંચ તૈયાર

મુંબઈ,
ભારત અને પાકિસ્તાન વચ્ચે ફરી એક વાર હાઈ વોલ્ટેજ મેચ જોવા મળી શકે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે સીમાના વિવાજના કારણે લાંબા સમયથી કોઈ ક્રિકેટ સિરીઝ નથી રમાઈ. બંને ટીમો માત્ર આઈસીસીના ટૂર્નામેન્ટ અને એશિયા કપમાં જ સામસામે જોવા મળે છે. એવામાં ચાહકોને આ બંને દેશો વચ્ચે રમાતા એક-એક મેચની ખૂબ જ રાહ રહે છે. આ બંને ટીમો આ વર્ષે એશિયા કપમાં અને વન ડે વર્લ્ડ કપમાં એકબીજા સામે રમશે. એ બાદ આ ટીમો વચ્ચે ક્યાં ટક્કર થશે તેના પર એક મોટી અપડેટ આવી છે.

૨૦૨૪ના ટી ૨૦ વર્લ્ડ કપ આવતા વર્ષે વેસ્ટઈંડિઝ અને અમેરિકાની સંયુક્ત યજમાનીમાં રમાવાનો છે. આ ટૂર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાનનો મુકાબલો ચાહકોને જોવા મળશે. અમેરિકાના ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ અતુલ રાયે આ મેચ મામલે દાવો કર્યો છે કે, ભારત-પાકિસ્તાનનો મેચ વેસ્ટ ઈન્ડિઝમાં નહીં પણ અમેરિકામાં રમવામાં આવશે. તમને જણાવી દઈએ કે બંને ટીમો વચ્ચે છેલ્લો મેચ ઓક્ટોબર ૨૦૨૨માં ટી૨૦ વર્લ્ડ કપમાં રમાયો હતો.

રિપોર્ટ પ્રમાણે અમેરિકાના ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ અતુલ રાયે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, ફ્લોરિડામાં ભારત-વેસ્ટઈન્ડિઝ મુકાબલાને સ્થાનિક ચાહકો તરફથી સારો પ્રતિભાવ મળ્યો હતો. મેચના તમામ ટિકિટ વેચાઈ ગઈ હતી.

# વિચિત્ર કાયદો : ઈરાનમાં પુત્રી સાથે લગ્ન કરી શકે છે પિતા

નવી દિલ્હી
મહિલાઓ સામે થતી સતામણી અને તેમની વિરુદ્ધ ચાલી રહેલી પરંપરાઓનું પાલન એ ઘણા દેશોમાં સમાજ અને સમુદાયનો અભિન્ન અંગ છે. ક્યાંક તેને કાયદા હેઠળ પ્રોત્સાહિત કરવામાં આવે છે, તો ક્યાંક ઈચ્છવા છતાં તેને રોકવું શક્ય નથી. પરંતુ કેટલાક દેશો એવા છે કે જેઓ મહિલા વિરોધી કાયદાઓને મજબૂતપણે સમર્થન આપે છે અને તેનો ક્યારેય અંત લાવવા માટે મક્કમ છે, પરંતુ જ્યારે વિરોધનો અવાજ ગુંજતો હોય છે, ત્યારે શક્તિ પણ ડગમગી જાય છે, જેમ કે ઈરાન આ દિવસોમાં હિજાબ વિરોધી વિરોધનો સામનો કરી રહ્યું છે. ઈરાનમાં મહિલાઓ દ્વારા હિજાબ પહેરવા અંગેના કાયદા એટલા કડક છે કે તેનો વિરોધ કરવા બદલ મહસા અમીની નામની યુવતીને પોલીસ કસ્ટડીમાં લેવામાં આવી હતી, જ્યાં તેનું મૃત્યુ થયું હતું. પછી એવો વિરોધ શરૂ થયો જે ઈરાનના ઈતિહાસમાં હંમેશા યાદ રહેશે. સમગ્ર વિશ્વમાં હિજાબ વિરોધી દેખાવો શરૂ થયા. આ માત્ર એક કાયદો છે. ઈરાન વિચિત્ર કાયદાઓથી ભરેલું છે જે માત્ર મહિલા વિરોધી છે. એવું કહેવાય



છે કે ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિએ ઈરાનને બદલી નાખ્યું અને ઘણા કાયદા લાગુ કરવામાં આવ્યા જેણે મહિલાઓની સ્વતંત્રતા છીનવી લીધી. જો ઈરાનમાં મહિલાઓ બિન-પુરુષો સાથે હાથ મિલાવે છે અને તેઓ જાહેર સ્થળોએ આમ કરતી જોવા મળે છે, તો તેમને દંડ અને જેલ થઈ શકે છે. બીજી તરફ જો હિજાબની વાત કરીએ તો અહીંના ઈસ્લામિક ધર્મગુરુઓ અનુસાર, પિતા, પતિ કે ભાઈ સિવાય ૧૨ વર્ષથી વધુ ઉંમરની છોકરીઓના ચહેરા કે શરીરને કોઈ જોઈ શકતું નથી, જો કે આના વિરુદ્ધ ઘણીવાર અવાજ ઉઠાવવામાં આવે છે.

# ધ નાઈટ મેનેજરના લોન્ચ માટે ગેટવે ઓફ ઈન્ડિયા પર અનિલ કપૂર અને આદિત્ય રોય કપૂર જોવા મળ્યા



નવીદિલ્હી,
ધ નાઈટ મેનેજરના લોન્ચ માટે ગેટવે ઓફ ઈન્ડિયા પર અનિલ કપૂર અને આદિત્ય રોય કપૂર જોવા મળ્યા છે. અનિલ કપૂર અને આદિત્ય રોય કપૂર વેબ સિરીઝ ધ નાઈટ મેનેજર માટે સાથે આવી રહ્યા છે. આ પહેલા બંને મલંગમાં પણ સાથે કામ કરી ચૂક્યા છે. ફર્સ્ટ-લૂક પોસ્ટર શેર કર્યા પછી, આદિત્ય વેબ સિરીઝના ટ્રેલરની રિલીઝ તારીખ જાહેર કરી હતી જેની રાહ પુરી થઈ છે.

અનિલ કપૂર અને આદિત્ય રોય કપૂર વેબ સિરીઝ ધ નાઈટ મેનેજર માટે સાથે આવી રહ્યા છે. અગાઉ બંને મલંગમાં સાથે કામ કરી ચૂક્યા છે. ફર્સ્ટ-લુક પોસ્ટર શેર કર્યા પછી, આદિત્યએ અપડેટ સાથે એક નવું મોશન પોસ્ટર પણ શેર કર્યું હતું. તેણે એ પણ ખુલાસો કર્યો હતો કે વેબ સિરીઝનું ટ્રેલર ૨૦ જાન્યુઆરીએ એટલે કે આજે રિલીઝ થઈ ગયું છે. જેની રાહ જોવાતી હતી તે આજે પુરી થઈ ગઈ છે. ગેટવે ઓફ ઈન્ડિયા પર અનિલ કપૂર અને આદિત્ય રોય કપૂર જોવા મળ્યા છે.નિર્માતાઓ અને આદિત્યએ ઈન્સ્ટાગ્રામ પર ધ નાઈટ મેનેજરનો મોશન પોસ્ટર વીડિયો રિલીઝ કર્યો છે. પોસ્ટરને શેર કરતાં તેણે કેપ્શન આપ્યું, 'અલગ નામ, એક હેતુ'. નાઈટ મેનેજર ક્યારેય ડ્યુટી બંધ નથી. ટ્રેલર ૨૦ જાન્યુઆરીએ એટલે કે આજે રિલીઝ થયું છે. પોસ્ટરમાં આદિત્ય રોય કપૂર બ્લેક સૂટમાં ડેશિંગ દેખાઈ રહ્યો છે અને ખૂબ જ કડક વલણથી કંઈક જોઈ રહ્યો છે.

# કોહલીએ વન-ડે સીરિઝની છેલ્લી મેચ ન રમીને રણજી ટ્રોફીમાં રમવું જોઈએ: રવિ શાસ્ત્રી



મુંબઈ,
ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ ૭ વર્ષ સુધી ભારતીય ટીમમાં કોચની ભૂમિકા ભજવી. રવિ શાસ્ત્રી નીડરતાથી પોતાની વાત રાખવા માટે જાણીતા છે. તેમણે હાલમાં જ ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન અને વિસ્ફોટક બેટ્સમેન વિરાટ કોહલીને લઈને એક મોટું નિવેદન આપ્યું છે, જેણે બધાનું ધ્યાન પોતાની તરફ ખેંચી લીધું છે. રવિ શાસ્ત્રીએ વિરાટ કોહલીને એક મહત્ત્વની સલાહ આપી છે, વિરાટ કોહલી જો આ સલાહ માને છે તો તે વન-ડે સીરિઝની વચ્ચેથી જ બહાર થઈ શકે છે.

વિરાટ કોહલી આ સમયે ખૂબ જ શાનદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં વિરાટ કોહલીએ વ્હાઈટ બોલ ક્રિકેટમાં ખૂબ શાનદાર પ્રદર્શન કર્યું છે, પરંતુ ટેસ્ટ મેચોમાં તે અત્યારે પણ પોતાનું લય હાંસલ કરી શક્યો નથી. એવામાં પૂર્વ કોચ રવિ શાસ્ત્રીનું માનવું છે કે વિરાટ કોહલીએ વન-ડે સીરિઝની છેલ્લી મેચ ન રમીને રણજી ટ્રોફીમાં રમવું જોઈએ, જેથી તે ફોર્મમાં આવી શકે. ઉલ્લેખનીય છે કે, ભારતીય ટીમે આગામી મહિને ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ટેસ્ટ સીરિઝ રમવાની છે, એટલે રવિ શાસ્ત્રીએ વિરાટ કોહલીને આ સલાહ આપી છે.રવિ શાસ્ત્રીએ વન-ડે સીરિઝની પહેલી મેચ દરમિયાન કમેન્ટ્રી કરતા કહ્યું કે, મને લાગે છે કે વિરાટ કોહલીએ ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ત્રીજી વન-ડે ન રમીને બોર્ડર ગાવસ્કર સીરિઝની તૈયારી માટે રણજી મેચ રમવી જોઈએ.

# ધર્મેન્દ્રના ઘરે હેમા માલિનીની પુત્રીઓ જતી નથી

મુંબઈ,
બોલીવુડના હી મેન નામથી જાણીતા ધર્મેન્દ્રે બે લગ્ન કર્યા છે. ધર્મેન્દ્રના પહેલા લગ્ન પ્રકાશ કૌર સાથે થયા હતાં ત્યારે તેઓ માત્ર ૧૯ વર્ષના હતાં.આ લગ્નથી ધર્મેન્દ્રના ચાર બાળકો થયા જેમાં સની દેઓલ,બોબી દેઓલ,વિજેતા અને અજીતા દેઓલ.ધર્મેન્દ્રે વર્ષ ૧૯૮૦માં બીજા લગ્ન બોલીવુડ અભિનેત્રી હેમા માલિનીથી કર્યા હતાં આ લગ્નથી બે પુત્રીઓ થઈ ઈશા દેઓલ અને અહાના દેઓલ.

ધર્મેન્દ્રની બંન્ને પત્નિઓ અલગ અલગ ઘરોમાં પોતાના બાળકોની સાથે રહે છે .અભિનેત્રી હેમા માલિનીની બાયોગ્રાફી હેમા માલિની બિયોન્ડ ધ ડ્રીમ ગર્લમાં આ વાતનો ઉલ્લેખ કરતા જણાવાયું છે કે તેમના પરિવારના કોઈ પણ સભ્યને ધર્મેન્દ્રની પહેલી પત્નીના ઘરે જવાની મંજુરી ન હતી પરંતુ એકવાર એવું થયું હતું જયારે ઈશા દેઓલે ફકત સની દેઓલને ફોન કર્યો એટલું જ નહીં ધર્મેન્દ્રના



ઘરે પણ પહોંચી હતી.

હકીકતમાં એવું થયું હતું કે વર્ષ ૨૦૧૫માં ધર્મેન્દ્રના ભાઈ અજીતની તબીયત ખુબ ખરાબ હતી તે ઈશા અને અહાનાથી ખુબ નજીક હતો આવામાં તેની સ્થિતિની બાબતમાં ઈશાને માહિતી મળી તો તેનાથી રહી શકયું નહીં અને તેણે પોતાના સાવકા ભાઈ સની દેઓલને ફોન કર્યો અને તેમને કહ્યું કે તે અજીત દેઓલને મળવા ઈચ્છે છે.કહેવાય છે કે સની દેઓલે ખુદ ઈશાને પોતાના ઘરે લઈ આવ્યો અને અજીતની મુલાકાત ઈશાથી કરાવી હતી.આ પહેલો પ્રસંગ હતો જયારે ઈશા દેઓલ ધર્મેન્દ્રની પહેલી પત્ની પ્રકાશ કૌરથી મળ્યા.પ્રકાશ કૌરે ઈશાને આશીર્વાદ આપ્યા હતાં.

એક મુલાકાતમાં હેમા માલિનીએ એ વાતનો ખુલાસો પણ કર્યો હતો કે ધર્મેન્દ્ર ખુબ રૂઢિવાદી વિચારોના છે અને તે અહાના અને ઈશાને ડાંસ પણ શિખડાવવા પણ ઈચ્છતા ન હતાં ધર્મેન્દ્ર હેમાથી કહેતા હતાં કે તેમની પુત્રીઓ ફિલ્મી દુનિયામાં જાય જાય નહીં પરંતુ હેમા માની નહીં અને તેમણે પોતાની પુત્રીઓને ડાંસ પણ શિખડાવ્યો અને ઈશાએ તો ફિલ્મોમાં પણ કામ કર્યું છે.

# જામનગરમાં યોજાયેલ મેગા જોબફેરમાં ૩૯૭ ને જોબ મળી







જામનગર : જામનગર શહેરમાં ગત તા.૧૯ જાન્યુઆરીના રોજ મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, જામનગર દ્વારા જિલ્લા કલેકટર ડો. સૌરભ પારઘીના અધ્યક્ષસ્થાને મેગા જોબફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦થી વધારે ખાનગીક્ષેત્રની કંપનીઓના પ્રતિનિધિઓ હાજર રહયા હતા. આ જોબફેરમાં ૬૩૦થી વધારે રોજગાર વાંચ્છું ઉમેદવારોએ ઈન્ટરવ્યુ આપ્યા હતા. જેમાંથી ૩૯૭ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મદદનીશ નિયામક (રોજગાર) કું. સરોજબેન સાંડપા દ્વારા પધારેલ મહેમાનોનું પુસ્તક વડે સ્વાગત કરાયું હતું, અને સમગ્ર કાર્યક્રમ વિષે સંક્ષિપ્ત માહિતી આપવામાં આવી હતી. અધ્યક્ષ અને કલેકટર ડૉ.સૌરભ પારઘીએ ઉપસ્થિત નોકરીદાતાઓ અને રોજગારવાંચ્છું ઉમેદવારોને સ્કીલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ અને જોબફેર વિષે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું, અને મેગા જોબફેરનું ઉદ્ઘાટન કર્યું હતું. જામનગર આઈ.પી.ઓ. દર્શિત ભટ્ટે ઉપસ્થિત તમામ ઉમેદવારોને સ્વરોજગારી અંગે લોન અને જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર વિષે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

આ મેગા જોબફેરમાં આઈ.ટી.આઈ. ગુલાબનગર આચાર્ય વી.કે. ગાગિયા, ગર્વમેન્ટ પોલિટેકનીક આચાર્ય બલદાણીયાભાઈ, સિનિયર પ્રોફેસર ડો. નીલેશ ધાણી, ટ્રેઈનીંગ કમ પ્લેસમેન્ટ ઓફિસર ઓઝાભાઈ, ગવર્નમેન્ટ કોમર્સ કોલેજ આચાર્ય ડૉ. ઘેલાણીભાઈ તથા ડૉ.સોનલ જોશી ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની આભારવિધિ આઈ.ટી.આઈ. જામનગરના આચાર્ય જે.એસ. વસોયાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન અને આયોજન બદલ રોજગાર કચેરીના સમગ્ર સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## કોચિંગ ક્લાસ એસો. તથા ભાજપ શિક્ષણ સેલ દ્વારા કાલે મોડેલ ટેસ્ટનું આયોજન

જામનગર : જામનગર કોચિંગ ક્લાસ એસોસિયેશન તથા ભારતીય જનતા પાર્ટી શિક્ષણ સેલ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વિધાર્થીઓ માટે (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ)ની મોડલ ટેસ્ટ આવતીકાલ તા. ૨૨ રવિવારના રોજ રાખેલ છે.

જેમાં ધોરણ ૧૦ વિજ્ઞાનનું પેપર ૯ થી ૧૨:૧૫, ગણિત (બેઝિક / સ્ટાન્ડર્ડ) નું પેપર ૨:૧૫ થી ૫:૩૦ સુધી, ધોરણ ૧૨ વાણિજ્ય વ્યવસ્થા સવારે ૯ થી ૧૨.૧૫ તથા નામું ૨:૧૫ થી ૫:૧૫ સુધી, મહિલા કોલેજ, વિકાશ ગૃહ, જામનગર, ભવન્સ સ્કૂલ, વિકાશ ગૃહ, જામનગર, એચ. જે. દોશી આઈ ટી ઈન્સ્ટિટ્યૂટ, જ્ઞાનગંગા સ્કૂલ, મયુર ટાઉનશીપ, જામનગર ખાતે આયોજિત કરવામાં આવેલ છે. આશરે ૨૫૦૦થી વધુ વિધાર્થીઓ આ પરીક્ષામાં ભાગ લેશે.

જામનગર ટ્યુશન ક્લાસ એસોસિયેશન તથા ભારતીય જનતા પાર્ટી શિક્ષણ સેલ દ્વારા આ મોડેલ ટેસ્ટના આયોજન / વ્યસ્થાપન અંગે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. તેમ ભારતીય જનતા પાર્ટી મીડિયા વિભાગના ભાર્ગવ ઠાકરની અખબારી યાદીમાં જણાવામાં આવેલ છે.

## ડો જે પી નડ્ડા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેના કાર્યકાળને લંબાવામાં આવતા જામનગર શહેર ભાજપ દ્વારા આવકાર

જામનગર : ડો. જે પી નડ્ડા જેઓએ પોતાની રાજકીય કારકિર્દી વર્ષ ૧૯૯૩ થી શરુ કરેલ, એક ધારાશાસ્ત્રી તરીકે વ્યવસાયી ડો. જે. પી નડ્ડાએ હિમાચલ પ્રદેશ વિધાનશભામાં વર્ષ ૧૯૯૩માં પ્રથમ વાર જીત મેળવેલ. ૧૯૯૮માં બીજી વખત તેઓ ચૂંટાઈ આવેલ. વર્ષ ૧૯૯૪ થી ૧૯૯૮ સુધી તેઓ હિમાચલ પ્રદેશના આરોગ્ય મંત્રી તરીકે જવાબદારી વહન કરેલ.

હિમાચલ પ્રદેશ વિધાનશભામાં સતત ૧૯૯૩ થી ૨૦૧૦ સુધી તેઓ ચૂંટાઈ આવેલ, તથા વિવિધ ખાતાના મંત્રી તરીકે જવાબદારી નિભાવેલ. વર્ષ ૨૦૧૪માં તેઓ રાજયશભાના સાંસદ બન્યા, અને નરેન્દ્રભાઈ મોદી સરકારમાં તેઓ કેન્દ્રીય સ્વાસથીય મંત્રી રહ્યા. વર્ષ ૨૦૧૯ માં વિશ્વની સહુથી મોટી રાજકીય પાર્ટી ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા. એક બાહોશ, રાજકારણ અને જનસેવામાં સતત ૩ દાયકાના અનુભવી વ્યક્તિના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટી વધુ મજબૂત બની. વર્ષ ૨૦૨૩ માં ડો. જે.પી. નડ્ડાને રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કાર્યકાળને એક વર્ષ માટે લંબાવામાં આવેલ છે. જેને જામનગર ભાજપ શહેર અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા, સાંસદ પૂનમબેન માડમ, મહામંત્રી પ્રકાશભાઈ બામણીયા, વિજયસિંહ જેઠવા, મેરામણભાઇ ભાટુ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, રીવાબા જાડેજા, મેયર બીનાબેન કોઠારી, સ્ટે. કમિટી ચેરમેન્ટ મનીષ કટારીયા, ડે. મેયર તપન પરમાર, સાશકપક્ષ નેતા કુસુમબેન પંડ્યા, દંડક કેતન ગોશરાણી, શહેર સંગઠનના હોદેદારો, શિક્ષણસમિતિ ચેરમેન્ટ મનીષ કનખરા, શિક્ષણસમિતિના સભ્યો, વોર્ડ સમિતિના હોદેદારો, પદાધિકારીઓ, મોરચા પ્રમુખ, મહામંત્રી, કારોબારી સમિતિ સહીત કાર્યકર્તાઓએ આ નિર્ણયને આવકારેલ છે. તેમ ભાજપ મીડિયા વિભાગના ભાર્ગવ ઠાકરની યાદીમાં જણાવવાં આવે છે.

## જામનગર શહેર વિધાનસભા મત વિસ્તારના મતદારો આધારકાર્ડ અને ચૂંટણીકાર્ડ લિંકઅપ કરાવી શકશે

### બુથ લેવલ ઓફિસરો દ્વારા આવતીકાળથી લિંકઅપ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે

જામનગર : મુખ્ય નિર્વાચીન અધિકારી, ગુજરાત રાજય તરફથી મળેલ સૂચના મુજબ મતદારયાદીના પ્રમાણીકરણ હેતુ મુજબ દરેક મતદારના ચૂંટણીકાર્ડને તેના આધાર નંબર સાથે લિંકઅપ કરાવવા જરૂરી હોવાથી, જેને ધ્યાનમાં લઇને ૭૯- જામનગર દક્ષિણ વિધાનસભા મત વિસ્તારના તમામ બુથ લેવલ ઓફિસર દ્વારા મતદારોના ઘરે-ઘરે જઈને સંબંધિત મતદારની સહમતી મેળવી તેમના આધાર નંબર ચુંટણી કાર્ડ સાથે લિંકઅપ કરવા માટે લિંકઅપ પ્રક્રિયા ચાલુ છે.

જે-તે સંબંધિત મતદાર જો તેમનું આધાર કાર્ડ તેમના ચુંટણી કાર્ડ સાથે જાતે જ જો લિંકઅપ કરવા માંગતા હોય, તો તેમના સ્માર્ટફોન મારફત વોટર હેલ્પલાઇન એપ્લિકેશનની મદદથી કરી શકે છે. આવતીકાલ તા. ૨૨ ના રોજ ૭૯- જામનગર દક્ષિણ વિધાનસભા મત વિસ્તારના તમામ બી.એલ.ઓ. સંબંધિત મતદારોની મુલાકાત લઈ તેમના આધારકાર્ડ તેમના ચૂંટણીકાર્ડ સાથે લિંકઅપ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેથી ૭૯ - જામનગર દક્ષિણના મતદારોને તેમના આધાર નંબર ચૂંટણીકાર્ડ નંબર સાથે લિંકઅપ કરવા માટે બી.એલ.ઓ.ને જરૂરી સાથ-સહકાર આપવા માટે મતદાર નોંધણી અધિકારી, ૭૯- દક્ષિણ વિ.સ.મ.વિ. અને જિલ્લા પુરવઠા અધિકારી, જામનગર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## દ્વારકાના પ્રાંત અધિકારીને ધમકી આપનારા શખ્સે જાહેર સંપતિને નુકસાની પહોંચડયાની વધુ એક ફરિયાદ

ખંભાળિયા : ખંભાળિયા-દ્વારકા હાઈ-વે માર્ગને નવેસરથી બનાવવા માટે ખાનગી કંપની દ્વારા ચાલી રહેલી કામગીરી અંતર્ગત પોતાની જમીનની કપાતનું વળતર ન સ્વીકારીને ભાટિયાના શખ્સે સોશિયલ મીડિયામાં દેકારો કરી, મૂકી પ્રાંત અધિકારીને ધમકી આપ્યાની ફરિયાદ બાદ ગઈકાલે વધુ એક નોંધાયેલી પોલીસ ફરિયાદમાં આ શખ્સે નવા રોડમાં અડચણ પેદા કરી તેમજ તોડફોડ કરીને નુકસાની પહોંચાડયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

આ પ્રકરણ અંગે ખંભાળિયામાં રહેતા અને રોડ નિર્માણ કંપની જી.આર. ઈન્ફ્રાપ્રોજેક્ટમાં સર્વેયર તરીકે ફરજ બજાવતા મહેશભાઈ કારૂભાઈ કરમુર નામના યુવાને કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે રહેતા કાના દેવાત ચાવડા નામના શખ્સ સામે નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે. કે રાજ્ય ધોરીમાર્ગના નિર્માણ માટે સરકાર દ્વારા જી.આર. કંપનીને આપવામાં આવેલા નિર્માણ કામમાં ખંભાળિયા- ભાટિયા- કુરંગા વચ્ચેના આ રોડને નવેસરથી બનાવવાની કામગીરી મોટાભાગે પૂર્ણ થઈ ચૂકી છે.

ત્યારે ભાટિયા ગામના કાનાભાઈ ચાવડા દ્વારા રસ્તામાં કપાતમાં આવતી તેની જમીનનું સરકાર દ્વારા મળવાપાત્ર રૂ. ૨૯ લાખ જેટલું વળતર કોઈ કારણોસર ન સ્વીકારીને સોશિયલ મીડિયા વિગેરે મારફતે વિરોધ કરવામાં આવતો હતો. એટલું જ નહીં, ઉપરોક્ત શખ્સ દ્વારા તેમની જમીન નજીક બનેલા નવા હાઈ-વે માર્ગ પર દોડતા વાહનોનો જીવલેણ અકસ્માત થાય તે રીતે આશરે ૨૦૦ મીટર જેટલા રસ્તા પર સફેદ પથ્થરો મૂકી, અડચણ પેદા કરવામાં આવી હતી. આ ઉપરાંત આરોપી શખ્સે હાઈવે રોડ વચ્ચેની સિમેન્ટ-કોંક્રિટની ફૂટપાયરી પણ ત્રિકમ જેવા હથિયારની મદદથી તોડી પાડી, રૂપિયા ૮૦૦૦ જેટલું નુકસાન કર્યાનું પણ પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે.

## પૂર્વ રાજયમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાના આંગણે પુત્રના લગ્નોઉત્સવ



જામનગર ઉત્તર બેઠકના પૂર્વ ધારાસભ્ય અને ભ.પૂ. રાજયમંત્રી ધર્મેન્દ્રસિંહ મેરૂભા જાડેજા (હકુભા) અને પૂર્વ કોર્પોરેટર શ્રીમતિ પ્રફુલ્લાબા જાડેજાના પુત્ર ચિ. જગદીશસિંહના શુભલગ્ન હાલ રાજકોટ નિવાસી શ્રી અનોપસિંહ ગજેન્દ્રસિંહ વાઘેલાના પુત્રી ચિ. અન્વિતાબા સાથે તા.૨૬ જાન્યુઆરી–૨૦૨૩ ગુરૂવારના રોજ નિરધારેલ છે.

## જામનગરમાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ચિત્ર સ્પર્ધા



જામનગર : આગામી તા. ૨૭ જાન્યુઆરીના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ગ મોદી સમગ્ર ભારતભરનાં વિધાર્થિઓ સાથે "પરીક્ષા પે ચર્ચા" નો કાર્યક્રમ કરવાનાં છે. આ કાર્યક્રમનાં અનુસંધાનમાં ગત તા.૨૦-૧ ના રોજ જામનગર શહેરમાં સેન્ટ ઝેવિયર્સ સ્કુલ ખાતે ચિત્ર સ્પર્ધાનુ આયોજન કરવામાં આવેલ હતું. આ સમગ્ર કાર્યક્રમનાં ઈન્ચાર્જ અને શહેર ભાજપ ઉપાધ્યક્ષ કે.જી. કનખરા , કોર્પોરેટર ધીરેનભાઈ મોનાણી, શિક્ષણ સમિતિના સભ્ય રમેશભાઈ કંસારા ઉપસ્થિત રહી વિધાર્થિઓનો ઉત્સાહ વધારેલ હતો.

## જામનગરમાં ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા હેલ્પલાઈન શરૂ કરાઈ

જામનગર : જામનગર ગ્રાહક સુરક્ષા મંડળના યુવા પ્રમુખ નિલભાઈ મજીઠીયા દ્વારા લોકોની સેવા માટે સારથી નામની હેલ્પલાઈન શરૂ કરી છે. આ સંસ્થા રજીસ્ટર્ડ સંસ્થા છે. સારથી હેલ્પલાઈનના મોબાઈલ નંબર જો વ્યસ્ત આવે તો ટીમ સારથી દ્વારા સામેથી કોન્ટેક કરવામાં આવશે. સારથી હેલ્પલાઈનમાં આજના સમયની મુખ્ય સમસ્યાઓ જેમ કે એકલતા– ડિપ્રેશન– સામાજિક કે માનસિક સમસ્યાથી પીડાતા લોકોને સાંભળવામાં આવશે ત્યારબાદ નિષ્ણાંત દ્વારા યોગ્ય સલાહ અથવા મદદ કરવામાં આવશે. આ સેવા નિઃશુલ્ક અને ગુપ્ત રહેશે.

આત્મહત્યા કે નકારાત્મક વિચાર ધરાવતા લોકો મિસ્કોલ કરશે તો પણ ચાલશે ટીમ સારથીમાં ડોકટરો– વકીલો– સીએ તથા ફાઈનાન્સિયલ એડાઈઝર જેવા અનુભવી સેવા આપશે. ટીમ સારથી હેલ્પલાઈન નંબર ૭૩૮૩૯ ૫૦૭૬૮ (વોટસએપ) છે. ટેલિફોનિક સમય સવારે ૧૨ થી રાત્રે ૨ સુધી ચાલુ રહેશે તેમ મંત્રી કિશોરભાઈ મજીઠીયાની યાદીમાં જણાવાયું છે.

## જામનગર સહિત રાજ્યમાં વસવાટ કરતા નેપાળીઓ સામે કાર્યવાહી કરવા માંગણી

### જામનગરના અગેવાને પત્ર દ્વારા મુખ્યમંત્રીને કરી રજુઆત

જામનગર : જામનગર સહિત ગુજરાતમાં ગેરકાયદે રીતે આવતા અને રહેતા હજારો નેપાળીઓ અંગે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત થઇ છે. જામનગર રિટેઇલ વેપારી મહામંડળના પ્રમુખ શશિકાંતભાઇ મશરૂએ એક રજૂઆતમાં જણાવ્યું છે કે, જામનગર શહેરમાં નેપાલથી આવતા લોકોની સંખ્યામાં ઉતરોતર વધારો થતો જાયછે, એક સમાચાર મુજબ જામનગરમાં હાલ લગભગ ૩૦, ૦૦૦ થી વધારે સંખ્યામાં કોઈપણ પ્રકારના આધાર પુરાવા વગર નેપાળીઓ વસવાટ કરે છે.

આવા લોકોને શહેરમાં નવા બંધાતા એપાર્ટમેન્ટમાં નોકરી મળી જાયછે. અમુક ફ્લેટમાં તો કાયમી ધોરણે ચોકીદાર તરીકે પોતાના પરિવાર સાથે રહેછે. મોટા ભાગની હોટલો, રેસ્ટોરાંમાં પણ તેઓ વેઈટર, હોટલ બોય તરીકે નોકરી કરેછે. નેપાળથી આવતા અનેક લોકોમાં પણ જુગાર, અસામાજિક કામોનું દૂષણ ઘર કરી ગયુંછે.લગભગ થોડા દિવસ પહેલાં જ એક નેપાળી શખ્સ દ્વારા નાની બાળકી પરના દુષ્કર્મ કેસમાં જેલ હવાલે થયેલ છે.

રાજકોટની વાત કરીએ તો, ભુતકાળમાં તત્કાલિન મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીની વિરૂદ્ધ એક નેપાળી પરિવારે ધમકીની ફરિયાદ કરી હતી. વળી આશ્ચર્યજનક બાબત એ છે કે, આધાર-પુરાવા વગર રહેતા નેપાળી પરિવાર ને ઘરેલું ગેસ વપરાશના બાટલા, રેગ્યુલર પણ મળી જાયછે.

## જામનગર શહેરમાં મંડપ સર્વિસના સંચાલકનો પાડોશી પર ધોકા વડે હુમલો

જામનગર : જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં રહેતા એક યુવાને પોતાના પાડોશમાં જ મંડપ સર્વિસનું કામ કરતા તેના સંચાલક સામે પોતાના ઉપર હુમલો કર્યાની ફરિયાદ નોંધાવી છે

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં શંકર ટેકરી નહેરુનગર શેરી નંબર ૯ માં રહેતા વસંતભાઈ રામજીભાઈ વાઘેલા નામના ૪૦ વર્ષના યુવાને પોતાના ઉપર લાકડાના ધોકા વડે હુમલો કરી લોહી લુહાણ કરી નાખવા અંગે પાડોશમાં જ રહેતા અને મંડપ સર્વિસ ચલાવતા દિનેશ રામજીભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી પોતાની પુત્રીને લઈને ઘર પાસેથી પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન મંડપ સર્વિસ વાળાએ પોતાનું વાહન આડું રાખ્યું હતું, જે વાહનના પ્રશ્ન બંને વચ્ચે તકરાર થયા પછી આરોપીએ મંડપ સર્વિસનો લાકડાનો ધોકો ઉપાડીને હુમલો કરી દીધો હતો.


## હાપા-મડગાંવ એક્સપ્રેસ ટ્રેનમાં એક વધારાનો સેકન્ડ સ્લીપર કોચ

જામનગર : મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ ફેબ્રુઆરી મહિનામાં હાપા-મડગાંવ એક્સપ્રેસ ટ્રેનમાં એક વધારાનો કોચ અસ્થાયી રૂપે ઉમેરવાનો નિર્ણય કર્યો છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફના જણાવ્યા મુજબ ટ્રેન નં. ૨૨૯૦૮/૨૨૯૦૭ હાપા-મડગાંવ એક્સપ્રેસ ટ્રેનમાં હાપાથી ૧ થી ૨૨ ફેબ્રુઆરી સુધી અને મડગાંવથી ૩ ફેબ્રુઆરીથી ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધી એક વધારાનો સેકંડ સ્લીપર કોચ લગાડવામાં આવશે.

### અનેક દીકરીઓના જીવનપથ પ્રજ્જ્વલિત કરનાર

## જામનગરની શ્રી સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલના ૮૭ વર્ષ પૂર્ણ થતા શાળા પરિવાર દ્વારા કરાઈ ભવ્ય ઉજવણી

### સૌરાષ્ટ્રમાં કન્યા કેળવણીને વેગવંતી બનાવવા જામ રણજીતસિંહજી દ્વારા ભવ્ય રાજમહેલ સમાન કન્યા વિદ્યાલયનું કરાયું હતું નિર્માણ








જામનગર : હાલાર સહિત સમગ્ર સૌરાષ્ટ્રની કન્યાઓ શિક્ષણથી વંચિત ન રહે તેમજ કન્યા કેળવણીનો વ્યાપ વધે તેવા દુરંદેશી વિચાર સાથે જામનગરના રાજવી જામ રણજીતસિંહના શાશન કાળ દરમિયાનમાં શ્રી સજુબા કન્યા વિદ્યાલયનો પાયો નંખાયો.તા.૧૨ જાન્યુઆરી, ૧૯૩૬ ના રોજ સ્થપાયેલી આ ગર્લ્સ હાઈસ્કૂલના ૮૭ વર્ષ પૂર્ણ થતાં શાળાના આચાર્યા, શિક્ષકો તથા વિદ્યાર્થીનીઓ દ્વારા અનેક સાંસ્કૃતિક તથા શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરી આ જાજરમાન શાળાના સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરી હતી.

આ પ્રસંગે શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા શાળાનું ઐતિહાસિક મહત્વ અને ભવ્ય વારસો દર્શાવતી કૃતિઓ રજૂ કરાઈ હતી તેમજ શાળામાં અભ્યાસ કરી ચૂકેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ કે જેઓએ વિવિધ ક્ષેત્રમાં સફળતા મેળવી શાળા અને જામનગરનું ગૌરવ વધાર્યું છે તેઓને યાદ કરી તેમની ગૌરવગાથા વર્ણવવામાં આવી હતી. આ તકે શાળા દ્વારા માર્ચ ૨૦૨૨ માં ધો.૧૦ અને ધો.૧૨ માં બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ મેળવનાર વિદ્યાર્થીનીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વળી આ જ શાળામાં અભ્યાસ કરી ચૂકેલા અને આ જ શાળા ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકોએ પોતાના વિદ્યાર્થી જીવનના સંસ્મરણો વાગોળ્યા હતા. કાર્યક્રમના અંતે શાળાના આચાર્યા બીનાબેન દ્વારા વિદ્યાર્થીનીઓને શાળાના સ્થાપના દિન નિમિતે શુભેચ્છાઓ તેમજ ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

## અવસાન નોંધ



જામનગર: જામનગર નિવાસી હમીરભાઇ પરબતભાઇ કરમુર (ઉ.વ.૫૩) તે કરશનભાઇ કરમુર (પૂર્વ ડે.મેયર અને આપ શહેર પ્રમુખ) અને બિપિનભાઇ રામશીભાઇ કરમુરના ભાઇ તેમજ રાજુ અને દીપના પિતા તેમજ જય અને હર્ષિલના કાકા તથા રામશીભાઇ ડાડુભાઇ કરમુરના ભત્રીજાનું તા.૨૦-૧-૨૦૨૩ના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું ઉઠમણું તા.૨૩-૧-૨૦૨૩ સોમવારના રોજ સાંજે ૪ થી ૫ દરમ્યાન સોહમનગર આહીર સમાજ, જામનગર ખાતે રાખેલ છે.

જામનગર : પ્રકાશભાઈ દેવજીભાઇ ચૌહાણ (ઉ. વ. ૫૯) તે ભરતભાઈના નાના ભાઈ તથા ગિરીશભાઈના મોટા ભાઈ તેમજ પ્રણવ ના કાકા અને પ્રતિક તથા જયના મોટાબાપુ નું જામનગર મુકામે તા. ૧૮/૦૧/૨૦૨૩ ના રોજ દૂઃખદ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૨૩.૦૧.૨૦૨૩ ના સોમવારે સાંજે ૪.૦૦ થી ૪.૩૦ કલાકે શ્રી કાશી વિશ્વનાથ મહાદેવના મંદિરે રાખેલ છે

# જામનગર નજીક ઠેબા ચોકડી પાસે ટેન્કર પલ્ટી જવાથી કેમિકલ માર્ગ પર ઢોળતા અફરાતફરી સર્જાઈ

## એસ ટી બસ અને ટેંકર વચ્ચે અકસ્માત સર્જાતા પોલીસ દોડી : સદભાગ્ય જાનહાનિ ટળી





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર નજીક ઠેબા ચોકડી પાસે ગઈકાલ શુક્રવારે બપોરે કેમિકલ ભરેલા ટેક્કર અને એસટી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સદભાગ્યે કોઈને જાનહાનિ થઈ ન હતી, પરંતુ બંને વાહનોમાં નુકસાની થઈ છે. જયારે ટેક્કરમાંથી કેમિકલ માર્ગ પર ઢોળાયું હોવાથી ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. પોલીસ તંત્રએ ભારે જહેમત લઈને વાહન વ્યવહારને પૂર્વવત બનાવ્યો હતો.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર નજીક ઠેબા ચોકડી પાસે ગઈકાલ શુક્રવારે બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં એક એસટી બસ ઓવરટેક કરી રહી હતી, જેને બચાવવા જતાં ટેક્કર ગુલાંટ મારી ગયું હતું, જયારે એસટી બસ પણ પોલીસે બનાવેલા ડીવાઈડર સાથે ધડાકાભેર ટકરાઈ ગઈ હતી, અને એસટી બસ તથા ટેક્કરને નુકસાન થયું હતું. સદભાગ્યે બંને વાહનોમાં કોઈને ઈજા થઈ ન હતી.

આ અકસ્માતના બનાવ પછી આડે પડખે થયેલા ટેક્કરનું ઢાંકણ ખુલી જતાં મોટા પ્રમાણમાં કેમિકલ માર્ગ પર ઢોળાયું હતું, અને ચોતરફ ફરી વળતાં ઠેબા ચોકડી પાસેનો વાહન વ્યવહાર ખોરવાઈ ગયો હતો અને વાહનોના થપ્પા લાગી ગયા હતા. આ બનાવની જાણ થતાં પોલીસ ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને એકાદ કલાકની જહેમત પછી વાહન વ્યવહારને પૂર્વવત બનાવ્યો હતો.

# ખંભાળિયા ધોરી માર્ગ પર વસઈ પાસે ખાનગી સ્કૂલમાં ખાતર પાડતા તસ્કરો

## ૨૦ હજાર રોકડ અને એક સ્માર્ટ વોચની ચોરી : ચાર બુકાનીધારીઓ સીસીટીવીમાં કેદ થયા

જામનગર : જામનગર ખંભાળિયા ધોરી માર્ગ પર વસઈ પાસે આવેલી એક ખાનગી સ્કૂલમાં ગઈ રાત્રી દરમિયાન તસ્કરોએ ખાતર પાડ્યું હતું, અને અંદરની ઓફિસમાંથી રૂપિયા ૨૦,૦૦૦ ની રોકડ રકમ અને એક સ્માર્ટ વોચની ચોરી કરી લઈ ગયા હતા. જે ચોરી કરવા માટે બુકાની બાંધીને ચાર તસ્કરો આવ્યાનું સીસીટીવી કેમેરામાં દેખાયું છે. જેના વર્ણનના આધારે પોલીસ શોધી રહી છે.

આ ચોરીના બનાવની વિગતે એવી છે કે જામનગર ખંભાળિયા હાઈવે રોડ પર વસઈ ગામના પાટીયા પાસે જે. પી. મોદી ખાનગી સ્કૂલ આવેલી છે,જે સ્કૂલમાં ગઈ રાત્રિ દરમિયાન તસ્કરોએ ખાતર પાડ્યું હતું, અને મુખ્ય દરવાજાની ગ્રીલ તોડી દિવાલ કુદી અંદર પ્રવેશ મેળવી લીધો હતો, અને ઓફિસના રૂમમાં રાખેલી તિજોરીમાંથી રૂપિયા ૨૦,૦૦૦ ની રોકડ રકમ તેમજ ૫,૦૦૦ રૂપિયાની કિંમતની સ્માર્ટ વોચની ચોરી કરી લઈ ગયા હતા. જે ચોરીના બનાવ અંગે શાળાના પ્રિન્સિપાલ ઉન્નતિબેન રવિન્દ્રરાવ જોશીએ સિક્કા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં સિક્કા પોલીસ સ્ટેશનનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો, અને શાળામાં લગાવેલા સીસીટીવી કેમેરાઓ વગેરે ચેક કરતાં તેમાં મોઢે કપડું બાંધીને ચાર બુકાનીધારી શખ્સો શાળામાં પ્રવેશ્યા હતા, અને ચોરી કરીને ભાગી છુટ્યા હતા. તેઓના કપડાના વર્ણનના આધારે પોલીસ ટુકડી ચારેય શખ્સોને શોધી રહી છે.

# ખંભાળિયાના કજૂરડા ગામે મકાનમાં છુપાવેલ ૨૩૧૬ બોટલ ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો

## રૂપિયા ૯.૨૬ લાખનો મુદ્દામાલ સાથે શખ્સની ધરપકડ : જામનગરનો સપ્લાયર ફરાર




તસવીર: રાકેશ સામાણી

ખંભાળિયા : ખંભાળિયા - જામનગર માર્ગ પર આવેલા કજૂરડા ગામે ગત મોડી રાત્રીના સમયે એલસીબી પોલીસે ચોક્કસ બાતમીના આધારે એક રહેણાંક મકાનમાં દરોડો પડ્યો હતો. અને મકાનની તલાશી લેતા ત્યાંથી ૯.૨૬ લાખની કિંમતનો ૨૩૧૬ બોટલ વિદેશી દારૂનો તોતિંગ જથ્થો મળી આવતા હતો. આ પ્રકરણમાં જામનગરના અન્ય એક શખ્સનું નામ પણ ખુલવા પામ્યું હતું.

આ બનાવની વિગત એવી છે કે દેવભૂમિ દ્વારકા જિલ્લાની સ્થાનિક ગુના શોધક શાખાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા - જામનગર રોડ ઉપર આવેલા કજૂરડા ગામે વિજયનગર વિસ્તારમાં રહેતા વિજયસિંહ ઉર્ફે ગેરીયો ઉર્ફે તોતળિયો ભીખુભા જાડેજા નામના યુવનન રહેણાંક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં

ચેકિંગ દરમિયાન ઉપરોક્ત આસામીના મકાનમાં પતરાની બે ઓરડીમાં છુપાવીને રાખવામાં આવેલી મેકડોવેલ નંબર- વન, ઓલ સેશન્સ ગોલ્ડ અને રોયલ ચેલેન્જ કંપનીના પરપ્રાંતિય શરાબની જુદી જુદી બ્રાંડની ૨૩૧૬ બોટલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે રૂ. ૯,૨૬,૪૦૦ ની કિંમતનો જથ્થો કબ્જે કરી કજૂરડાના વિજયનગર વિસ્તારમાં રહેતા વિજયસિંહ ભીખુભાઈ જીવુભા જાડેજાની અટકાયત કરી હતી. દરમ્યાન પોલીસના પૂછતાછમાં દારૂનો ઉપરોક્ત જથ્થો જામનગર ખાતે રહેતા મહાવીરસિંહ દેવાજી જાડેજા નામના શખ્સ દ્વારા તેની સ્વિફ્ટ મોટરકાર મારફતે પહોંચાડવામાં આવ્યો હતો. આથી પોલીસે તેને હાલ ફરાર ગણી, આગળની તપાસ હાથ ધરી છે.

# જામજોધપુરમાં સેલ્સમેનના સ્વાંગમાં આવેલા બે ગઠિયાઓ બે લાખના સોનાના પાટલા લઈને છુંમંતર

## સાસુ-વહુને પાવડર શુંઘાડી બેશુદ્ધ કરી સોનાના પાટલા ઉતારી જતા ચકચાર

જામજોધપુર : જામજોધપુરમાં રામવાડી વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં સેલ્સમેનના નામે બે ગઠિયાઓ ઘુસ્યા હતા, અને કોઈ પાવડર શુંઘાડી ઘરમાં હાજર રહેલા સાસુ-વહુને બેશુદ્ધ બનાવી બે લાખ રૂપિયાની કિંમતની સોનાના પાટલા લઈને છુમંતર થઈ ગયાનો મામલો સામે આવ્યો છે. જેને લઈને ભારે ચર્ચા જાગી છે.

આ બનાવની વિગત એવી છે કે જામજોધપુરમાં રામવાડી વિસ્તારમાં ઉંમાં રેસિડેન્સીના બ્લોક નંબર ૧૦૩ માં રહેતી અવનીબેન નામની એક મહિલા કે જે ૧૮મી તારીખે બપોરના સમયે પોતાના ઘેર હતી, જેની સાથે સાસુ હંસાબેન અને પુત્રી પલક પણ હાજર હતા. દરમિયાન બે સેલ્સમેનના શ્વાંગમાં અજાણ્યા શખ્સો પ્રવેશ્યા હતા, અને પોતે ચાંદીની મૂર્તિ, વાસણો વગેરેના પાવડર વેચવાનું કામ કરે છે, અને પોતાની પાસેથી પાવડર ખરીદવો હોય તો લેવા માટે સાસુ વહુને જણાવ્યું હતું. પરંતુ તેઓએ સૌપ્રથમ ઈક્કાર કર્યો હતો.

પરંતુ ડેમોસ્ટ્રેશન કરવા માટે એક પાઉડરનું પેકેટ ફ્રી છે તેમ જણાવી તેનું સેમ્પલ બતાવવાનો પ્રયાસ કર્યો હતો.

દરમિયાન બંને શખ્સોએ પોતાના હાથમાં રહેલી કોઈ પડીકીનું પેકેટ ખોલતાં સાસુ-વહુ અને તેની પુત્રી વગેરે મૂર્છિત થઈ ગયા હતા. જે દરમિયાન બંને શખ્સો સાસુ હંસાબેનના હાથમાંથી રૂપિયા બે લાખની કિંમતના પાટલા લઈને ગાયબ થઈ ગયા હતા.

દરમિયાન અવનિબેનના પતી ઘેર આવી ગયા હતા, અને આ મામલે જામજોધપુર પોલીસ મથકમાં અરજી કરાઈ છે. જોકે હજુ આ મામલે કોઈ પોલીસ ફરિયાદ નોંધાવાઈ નથી. પોલીસ દ્વારા આ મામલે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરવામાં આવી છે. અને ગઠિયાઓ કોણ આવ્યા હતા, તે અંગે તપાસ ચલાવવામાં આવી રહી છે.

# કાલાવડના ખંઢેરા ગામના ખેડૂતે વ્યાજખોર સામે ફરિયાદ નોંધાવી

જામનગર : જામનગર શહેર પછી જિલ્લામાં પણ વ્યાજખોરો સામે ફરિયાદોનો ધોધ વહી રહ્યો છે, અને કાલાવડ તાલુકાના ખંઢેરા ગામના એક ખેડૂતે વ્યાજખોર સામે પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

કાલાવડ તાલુકાના ખંઢેરા ગામમાં રહેતા રસિકભાઈ કેશવજીભાઈ સાંગાણી નામના ખેડૂતે ખંઢેરા ગામના જ મનસુખભાઈ નરસિભાઈ પાડલીયા સામે ગેરકાયદે નાણા ધીરધાર કર્યા પછી રાક્ષસી વ્યાજ વસુલી કોરા ચેકમાં સહી કરાવી લીધાની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદીએ ૨૦૧૭ ની સાલમાં આરોપી પાસેથી છ લાખ રૂપિયા માસિક અઢી ટકાના વ્યાજે લીધા હતા જેની મુદ્દલ અને વ્યાજ ચૂકવી દીધા છતાં આરોપી દ્વારા ચેકમાં સહી કરાવી લઈ પઠાણી ઉઘરાણી કર્યાની ધમકી આપતા હોવાની ફરિયાદ નોંધાવતાં કાલાવડ ગ્રામ્ય પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરના લાખાબાવળ પાસે કારમાંથી ૫૮ બોટલ ઈંગ્લીશ દારૂ મળી આવતા ત્રણની અટકાયત

## નવાઘેડમાં રહેણાંક મકાનમાંથી ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ મળી આવ્યો



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર તાલુકાના લાખાબાવળ ગામમાંથી એક કારમાં લઈ જવાતો ૫૮ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો પોલીસે પકડી પાડ્યો છે, અને દારૂના જથ્થા અને કાર સાથે ત્રણ દારૂના ધંધાર્થીની અટકાયત કરી લેવામાં આવી છે.

જામનગરના પંચકોશી બી. ડિવિઝનના પોલીસ સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે લાખાબાવળ ગામ પાસે કાચા રસ્તા પર એક કારમાં ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરવામાં આવી રહી છે. જે બાતમીના આધારે મોડી રાત્રે વોચ ગોઠવી ત્યાંથી પસાર થઈ રહેલી જી.જે.૧૦ ટી.એક્સ. ૪૯૧૭ નંબરની એક બોલેરોને અટકાવી તેની તલાસી લેતાં અંદરથી ૫૮ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો.

આથી પોલીસે કાર અને દારૂ સહિત રૂપિયા ૪.૨૯ લાખની માલમતા કબજે કરી કારની અંદર બેઠેલા જામનગર તાલુકાના સિક્કા ગામના વતની દિવ્યરાજ સિંહ અનોપસિંહ કંચવા, ભગીરથ સિંહ રૂપસિંહ પરમાર અને વીરેન્દ્રસિંહ બહાદુરસિંહ કંચવાની અટકાયત કરી લઈ ત્રણેયની વધુ પૂછપરછ હાથ ધરી છે.

જયારે બીજો દરોડો જામનગરમાં નવાગામ ઘેડ વિસ્તારમાં પાડવામાં આવ્યો હતો. ત્યાં રહેતા વિશાલ ઉર્ફે ભવાન હિતેશભાઈ સોલંકીના ઘેર દરોડો પાડી રહેણાંક મકાનમાંથી ૨૪ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો કબ્જે કર્યો છે, અને આરોપીની અટકાયત કરી લીધી છે.

# દરેડમાં જુગારના બે દરોડામાં વેપારી અને ચાર એકાઉન્ટન્ટ સહિત ૯ ઝડપાયા

જામનગર : જામનગર નજીક દરેડ વિસ્તારમાં પોલીસે ગઈ રાત્રે જુગાર અંગે જુદાજુદા બે સ્થળે દરોડા પાડ્યા હતા, અને એક વેપારી તથા ચાર એકાઉન્ટન્ટ સહિત નવ શખ્સોની અટકાયત કરી રોકડ રકમ તેમજ જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

જામનગર નજીક દરેડ જીઆઈડીસી વિસ્તારમાંથી જાહેરમાં ગંજીપાના વડે હારજીત નો જુગાર રમી રહેલા જયસુખ બાબુભાઈ બુસા નામના એકાઉન્ટન્ટ, જેવલભાઈ નારણભાઈ ગલાણી નામના વેપારી, નરેન્દ્ર રૂડાભાઈ બુસા નામના એકાઉન્ટ તેમજ વિજય મનસુખભાઈ બુસા નામના એકાઉન્ટન્ટની જુગાર રમવા અંગે અટકાયત કરી તેઓ પાસેથી ૧૪,૮૯૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

આ ઉપરાંત જુગાર અંગેનો બીજો દરોડો દરેડ વિસ્તારમાં જ પાડવામાં આવ્યો હતો. ત્યાંથી જાહેરમાં ગંજી પાના વડે જુગાર રમી રહેલા પ્રમોદકુમાર મંગલ સિંઘ રાજપુત સહિત પાંચ શખ્સોની અટકાયત કરી લઈ તેઓ પાસેથી ૧૧,૨૨૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

# જામનગરમાં જાહેરમાં ઘાસચારો વહેંચી ન્યુસન્સ ફેલાવતા વિક્રેતાઓ સામે તંત્રની લાલા આંખ

## જુદા જુદા વિસ્તારમાં ચાર મહિલાઓ સહિત પાંચ સામે ફરિયાદ નોંધાવાઈ

જામનગર : જામનગર શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ વધી ગયો છે, સાથે સાથે જાહેરમાં ઘાસચારો વેચીને ન્યુસન્સ ફેલાવવામાં આવતું હોવાથી અનેક વખત નોટિસ આપવા છતાં પણ આવી પ્રવૃત્તિ અવિરત ચાલુ રહી હતી. આખરે જામનગર મહાનગરપાલિકાએ આવા ઘાસચારો વેચાણ કરનારા લોકો સામે કાયદાકીય શસ્ત્ર ઉગામવાનું નક્કી કર્યું છે, જેના આધારે ચાર મહિલાઓ સહિતના કુલ પાંચ ઘાસ વિક્રેતાઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

જામનગર મહાનગર પાલિકાની સોલિડ વેસ્ટ શાખાના અધિકારી સુનિલભાઈ હીરાલાલ ભાનુશાલી દ્વારા શહેરમાં જુદા જુદા વિસ્તારમાં જાહેરમાં ઘાસનું વેચાણ કરી ન્યુસન્સ ફેલાવનારા લક્ષ્મીબેન લાલજીભાઈ પરમાર, અનિતાબેન મનહરભાઈ કછેટીયા, હેમલતાબેન રમણીકલાલ પરમાર, કિરણબેન રવિભાઈ પરમાર તેમજ શામજીભાઈ લાલજીભાઈ કણઝારિયા વગેરે સામે સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પાંચેય આરોપીઓ સામે આઈપીસી કલમ ૧૮૮ તેમજ જીપીએક્ટ કલમ ૯૦ (એ મુજબ ગુનો નોંધ્યો છે. આ કાર્યવાહીથી જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરીને ગંદકી કરનારા તત્વોમાં ફફડાટ મચી ગયો છે.

# લાલપુરના મુરીલા પાસે કાર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં યુવાનનું મોત

જામનગર : જામનગર- લાલપુર ધોરીમાર્ગ પર મુરીલા ગામના પાટીયા પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જેમાં બાઈક ચાલક યુવાનનું ગંભીર ઈજાઓ થવાથી કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવની વિગત એવી છે કે લાલપુર તાલુકાના મુરીલા ગામમાં રહેતો ધવલ દેવાણંદભાઈ સોચા નામનો આહીર યુવાન ગઈકાલે સવારના અરસામાં પોતાનું બાઈક લઈને મુરીલા ગામના પાટિયા પાસેથી પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન સામેથી પૂરપાટ વેગે આવી રહેલી જીજે -૩૭ જે ૯૫૧૭ નંબરની કારના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં બાઈક ચાલક યુવાન ધવલને ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ અકસ્માતના બનાવ અંગે મૃતકના ભાઈ રાજદીપ દેવાણંદભાઈ સોચાએ પોલીસને જાણ કરતાં લાલપુર પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

# દ્વારકા જિલ્લામાં જુગારના ત્રણ દરોડામાં ચાર મહિલા સહિત તેર ઝડપાયા

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસે જુગારના જુદા જુદા ત્રણ દરોડા પાડી ચાર મહિલા સહિત ૧૩ જુગરીઓની અટકાયત કરી રોકડ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

દ્વારકા તાલુકાના ઓખામાં ગાંધી નગરી વિસ્તારમાં રહેતા ગફાર ભીખન તુરક નામના સંધી મુસ્લિમ આધેડ દ્વારા પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી અને પોતાના અંગત ફાયદા માટે નાલ ઉઘરાવીને રમાતા જુગાર પર પોલીસે દરોડો પાડી, આ સ્થળેથી ગફાર ભીખન તુરક, જુબીબેન ભીખનભાઈ તુરક, ભીખુ ખમીસા બોલીમ, મામદ અબ્બાસ ઘાવડા અને હનીફ ઈસ્માઈલ બોલીમ નામના પાંચ શખ્સોને ઝડપી કુલ રૂપિયા ૧૭૨૬૦ નો મુદ્દા માલ કબજે કર્યો હતો.

આ ઉપરાંત મીઠાપુર તાબેના સૂરજકરાડી વિસ્તારમાંથી પોલીસે રેખાબા ઉર્ફે રાણીબેન પ્રવિણસિંહ ગોહિલ, ખીમીબેન જોધાભા માણેક અને ઉમાબેન દેવરાજભાઈ ભાયા નામના ત્રણ મહિલાઓને ઝડપી લઈ, કુલ રૂ. ૧૬૭૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ત્રીજા દરોડામાં ભાણવડ પોલીસે સેવક દેવળિયા ગામની સીમ વિસ્તારમાં ગુરુવારે રાત્રિના સમયે જુગાર દરોડો પાડી, જાહેરમાં તીનપતિ નામનો જુગાર રમી રહેલા આમદ જુમા ઘુઘા, આમદ સુમાર ઘુઘા, હારૂન મામદ સમા, આમદ રહેમતુલ્લાભાઈ ઘુઘા અને ઈબ્રાહીમ હાસમ ઘુઘા નામના પાંચ શખ્સોને ઝડપી લઈ, ત્રણ નંગ મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૧૬૨૮૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ મુજબ કાર્યવાહી કરી હતી.

# લાલપુરના પીપરટોડા પાસે એસટી બસ અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત

જામનગર : જામનગર- લાલપુર રોડ પર પીપરટોડા પાસે એક એસટી બસ અને બંધ પડેલા ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જોકે કોઈને જાનહાનિ થઈ નથી, સમગ્ર મામલે લાલપુર પોલીસ તપાસ ચલાવે છે.

જામનગર- લાલપુર ધોરી માર્ગ પર પીપરટોડા ગામ પાસે આજે સવારે જામજોધપુર- નંદાણા- જામનગર રૂટની એસટી બસ માર્ગ પર બંધ પડેલા એક ટ્રેક્ટર સાથે પાછળથી ધડાકા અથડાઈ હતી, અને ટ્રેક્ટરનો

બુકડો બોલી ગયો હતો. જ્યારે એસટી બસને પણ ભારે નુકસાન થયું છે. સદભાગ્ય અકસ્માતમાં ટ્રેક્ટરમાં કોઈ બેઠું ન હોવાથી તેમજ એસટી બસના મુસાફરોને કોઈને ઈજા થઈ ન હતી. આ બનાવની જાણ થતા લાલપુરનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો, એસટી બસના ચાલકે સામેથી પૂરપાટ વિગે આવી રહેલા કારચાલકથી બચવા માટે બસ બંધ પડેલા ટ્રેક્ટર સાથે અથડાવી દીધી હતી. પરંતુ બસમાં બેઠેલી કોઈ વ્યક્તિ ઈજાગ્રસ્ત બની ન હતી.

# ગીર-સોમનાથ જિલ્લામાં હથિયાર બંધી અંગે જાહેરનામું

વેરાવળ, ગીર સોમનાથ જિલ્લામાં આગામી માસમાં વિવિધ સમુદાયના લોકોના ધાર્મિક તહેવાર આવનાર હોય, તેમજ રાષ્ટ્રીય તહેવાર આગામી પ્રજાસત્તાક દિન આવનાર હોય. જેથી ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો, વિગેરે સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય તેમજ સોમનાથ મંદિર ખાતે આ તહેવાર દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા તથા જાહેર સુલેહશાંતિ જળવાઈ રહે તે માટે ગીર સોમનાથ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી બી.વી.લીંબાસીયા દ્વારા હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામા આવ્યુ છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને શિક્ષા તેમજ દંડને પાત્ર થશે અને આ હુકમની અવગણના માનવ જીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ, બખેડો થાય તેવા વ્યકિત દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામું દિન-૩૦ સુધી અમલમાં રહેશે.

# ખોડલધામમાં પાટીદારો ઊમટયા, મુખ્યમંત્રીએ કર્યું ધ્વજારોહણ

## નરેશભાઈ પટેલ સહિતની ટીમે મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ, કૃષિમંત્રી રાઘવજીભાઈ, પાણી-પુરવઠામંત્રી કુંવરજીભાઈ, પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા સહિતના પ્રધાનો-નવનિયુક્ત ધારાસભ્યોનું કર્યું ભવ્યાતિભવ્ય સન્માન


















તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ તા ૨૧

લેઉવા પાટીદારના કૂળદેવી ખોડલધામ (કાગવડ)ના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ૭માં વર્ષના પ્રવેશોત્સવમાં પાટીદારોએ વધુ એક વખત સંગઠનની તાકાત દર્શન કરાવ્યા હતા.

આજે ખોડલધામ એક લાખથી વધુ પાટીદારોનો માનવ સંમદર ધૂધવ્યો હતો આ સાથે જ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત અડધો ડઝન પ્રધાનો અને નવ નિયુક્ત ધારાસભ્યોએ ધ્વજારોહણ કરતા કાગવડ ધામ જય સરદારપ પાટીદારના ગગનભેદી નારા સાથે ગુંજી ઉઠ્યું હતું. કાગવડમાં ખોડલધામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ૬ વર્ષ પૂર્ણ થયા બાદ આજે ૭ માં પ્રવેશોત્સવમાં પક્ષ, પૂજા સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવનું આમંત્રણ મુખ્યમંત્રીને આપવામાં આવતા આજે સવારે ૧૦:૦૦ કલાકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હેલીકોપ્ટર મારફત ખોડલધામ આવી પહોંચ્યા હતા.

ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલ સહિતની ટીમે આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ, આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ પાણી-પૂરવઠા મંત્રી કુવરજીભાઈ બાવળિયા, પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા સહિતના પ્રધાનોનું ભવ્યાતિભવ્ય સન્માન કરવામા આવ્યું હતું. આ ઉપરાંત તાજેતરમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વિજેતા બનેલા પાટીદાર ધારાસભ્યો પણ બહુમાન કરવામા આવ્યું હતું. ખોડલધામમાં આજે મુખ્યમંત્રીના હસ્તે ધ્વજવંદન કરવામા આવ્યું હતું.

ખોડલધામ મંદિરના ૨૧ જાન્યુઆરીનો દિવસ ઐતિહાસિક બની ગયો છે. ત્યારે આજે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાત ભરમાંથી અંદાજે એક લાખથી વધુ પાટીદારો ઉમટી પડ્યા છે. મંદિર ખાતે એકાદ લાખથી વધુ પાટીદારોની હાજરી નોંધાતા પાટીદારોએ વધુ એક વખત સંગઠન શક્તિના દર્શન કરાવ્યા હતા.

ખોડલધામ મહોત્સવ જેવો જ માહોલ બની ગયો છે. જ્યા જૂઓ ત્યાં લોકોનો પ્રવાહ મંદિરભણી આગળ વધી રહ્યો છે. મંદિરના તમામ રસ્તા ઉપર ટ્રાફિકજામ થઈ ગયો છે. આટલી વિશાળ સંખ્યામાં પાટીદારો એકઠા થયા હોવાથી પોલીસનો પણ સજ્જડ બંદોબસ્ત ગોઠવાયો છે.પાટીદારો કાર, ટ્રેક્ટર, ટ્રક સહિતના વાહનો સાથે આવી પહોંચ્યા છે. આ માટે મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા અલગથી પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરવામા આવી છે.

મંદિરને લાઈટોથી શણગારાયું

સાતમા વર્ષમાં મંગલ પ્રવેશને લઈને ખોડલધામ મંદિરમાં લોકડાયરો, હવન તેમજ ધ્વજાનું પૂજન સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.મંદિર પરિસરમાં રંગબેરંગી લાઈટોથી સુશોભન કરવામાં આવ્યું છે. જાણે દિવાળી જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

૪૦૦૦થી વધુ પોલીસ જવાનોનો બંદોબસ્ત મોટી સંખ્યામાં ભક્તો અને મુખ્યમંત્રી મા ખોડલના દર્શનાર્થે પધારતા વ્યવસ્થાના ભાગરૂપે ૪૦૦૦થી વધુ સ્વયંસેવકો અને પોલીસ સ્ટાફ ખડેપગે તૈનાત કરાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નવા રાજ્ય સરકારના પ્રધાનો અને નવા ચૂંટાયેલા ધારાસભ્યોનું સન્માન કરાયું છે. આજે ૮ વાગ્યે કધવીનરો, સહ કધવીનર અને સ્વયંસેવકોની મીટીંગ શરૂ થઈ છે. આ મીટિંગ ૨ કલાક સુધી ચાલી હતી. ત્યાર બાદ લોક ડાયરો સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

# રાજકોટ મનપાએ બાકી વેરા માટે ત્રણ નળજોડાણો કાપી નાખ્યા

## કડક ઝુંબેશમાં ત્રણ પ્રોપર્ટી સીલ : ૫૪ મિલ્કતો જપ્તીથી ફફડાટ

રાજકોટ,

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની વેરા વસુલાત ઝુંબેશ હવે વધુ આકરી બનાવવામાં આવી રહી છે. મોટા બાકીદારોની મિલ્કત સીલ અને જપ્તીની કડક ઝુંબેશ ચાલુ છે ત્યારે મનપાએ ચાલુ વર્ષમાં પ્રથમ વખત બાકી વેરો વસુલવા નળ કનેકશન કપાત શરૂ કરતા રહેણાંક આસામીઓમાં પણ ફફડાટ મચી ગયો છે. આજે આવા ત્રણ નળ કનેકશન કાપીને વધુ ત્રણ પ્રોપર્ટી સીલ કરવામાં આવી છે.

આજે ટેકસ વિભાગે જાહેર કરેલી માહિતી મુજબ ટેકસ રીકવરી ઝુંબેશ અંતર્ગત આજે વોર્ડ નં.૭ના દિવાનપરા વિસ્તારમાં એક નળ કનેકશન કાપવામાં આવ્યું હતું. વોર્ડ નં.૧૬ના સિધ્ધાર્થનગર શેરી નં.૫માં એક નળ કાપતા રૂા. બે લાખની રીકવરી થઇ હતી. તો મેહુલનગરમાં પણ એક નળ જોડાણ ઉપર કાતર ફેરવી દેવામાં આવી હતી. રહેણાંક વિસ્તારમાં પણ બાકીદારો સામે હવે કડક પગલા શરૂ થયા છે.

આજે ત્રણે ઝોનમાં ત્રણ મિલ્કત સીલ, ત્રણ નળ જોડાણ કપાત અને ૫૪ મિલ્કતને ટાંચ જપ્તી નોટીસ અપાતા ૫૦.૪૬ લાખની રીકવરી થઇ હતી. આજે વોર્ડ નં.૧ના જાસલ કોમ્પ્લેક્ષ અને અક્ષર કોમ્પ્લેક્ષમાં ત્રણ યુનિટને નોટીસ અપાતા રીકવરી થઇ હતી. વોર્ડ નં.૩ના ગાયકવાડીમાં ઠાકર મેન્સનના ૪ અને કીટીપરાના પાંચ યુનિટને નોટીસ અપાઇ છે. વોર્ડ નં.૪ના અમૃત પાર્કમાં મિલ્કતને નોટીસ અપાતા બે લાખ, વોર્ડ નં.૫ના કુવાડવા રોડ પર જપ્તી નોટીસ અપાતા ૫૦ હજાર અને વોર્ડ નં.૬ના દિનદયાળ ઇન્ડ. એરીયામાં એક યુનિટને નોટીસ આપતા ટેકસની આવક જમા થઇ હતી.

વોર્ડ નં.૭ના ઢેબર રોડ પર સરિતા શોપીંગ સેન્ટરમાં બે યુનિટને સીલ કરી ૨.૨૦ લાખની રકમ રીકવર કરાઇ હતી. નાગરીક બેંક ચોક પાસેના આનંદ બિલ્ડીંગમાં પાંચ, ઢેબર રોડના અબ્બાસી ચેમ્બરમાં ૩ અને નગીનદાસ ચેમ્બરમાં ૩ યુનિટને ટાંચ જપ્તીની નોટીસ આપવામાં આવી હતી.

વોર્ડ નં.૧૦માં આવેલ પ્રકાશ સોસાયટીમાં ૬ મિલ્કત અને એકતા ટાવરમાં બે મિલ્કતને ટાંચ જપ્તી નોટીસ આપવામાં આવી હતી. વોર્ડ નં.૧૨ના વાવડીમાં ૩ યુનિટને જપ્તી નોટીસ અપાતા ૨.૪૦ લાખની રીકવરી થઇ હતી.

વોર્ડ નં.૧૩ના સમ્રાટ ઇન્ડ. એરીયામાં એક યુનિટ સીલ કરાતા ૨.૫૦ લાખની આવક થઇ હતી તો ગોંડલ રોડના ૪ યુનિટને નોટીસ અપાઇ છે. વોર્ડ નં.૧૫ના આજી વસાહટમાં પાંચ યુનિટને ટાંચ જપ્તી નોટીસ અપાતા ૧.૨૪ લાખની આવક થઇ હતી. તો વોર્ડ નં.૧૮ના વિરાણી અઘાટ વિસ્તારમાં



૭ મિલ્કતને ટાંચ જપ્તી નોટીસ અપાતા ૬.૬૦ લાખના ચેક જમા થયા હતા. આસી. કમિશ્નર સમીર ધડુક, વી.એમ.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ રાજીવ ગામેતી સહિતના આસી. મેનેજરો, વોર્ડઓફિસરો, ટેકસ ઇન્સ.ની ટીમો દ્વારા આ રીકવરી ઝુંબેશ ચાલી રહી છે.

## રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીમાં રાહત : હાશકારો



રાજકોટ સહિત સૌરાષ્ટ્વ - કચ્છમાં આજે ઠંડીમાં રાહત થઈ છે. આજે ગિરનાર પર્વત ઉપર ૬.૪ ડિગ્રી, નલીયામાં ૧૧.૬ ડિગ્રી, રાજકોટમાં ૧૧.૭, જામનગરમાં ૧૫.૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.ઠંડીમાં રાહત થતા લોકોએ હાશકારો અનુભવ્યો છે. જૂનાગઢ ગિરનાર પર્વત પર ૬.૪ ડિગ્રી ઠંડી રહી હતી. આજની કાતિલ ઠંડીથી પર્વતીય વિસ્તા.ર ઠંડોગાર રહ્યો હતો. ગઈકાલે સોરઠમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી રહ્યા બાદ આજે તાપમાન ૧.૪ ડિગ્રી ઉપર રહીને ૧૧.૪ ડિગ્રી થયું હતું. આમ ઠંડીમાં આંશિક ઘટાડો યથાવત રહ્યો હતો. જૂનાગઢમાં ૧૧.૪ ડિગ્રી ઠંડીની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૪ ટકા રહેતા કાતિલ ઠારનું આક્રમણ થયું હતું. સવારના પવનની પ્રતિ કલાકની ઝડપ ૩.૫ કિમીની રહી હતી.

## રાજકોટમાં યુવાનું મોત નિપજાવી નાસી જનાર કાર ચાલક સામે ગુનો નોંધાયો

રાજકોટ,

રાજકોટ રણુંજા મંદિર પાસે રોડ ક્રોસ કરતાં કોળી યુવકને ઠોકરે ચડાવી મોત નિપજાવનાર અજાણ્યાં કાર ચાલક સામે આજીડેમ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. પ્રાપ્ત વિગત અનુસાર, ફરિયાદી અરૂણાબેન સંજયભાઇ અધોલા (ઉ.વ.૩૫) (રહે, રણુજા મંદિર સામે વેલનાથપરા શેરી નં.૯ કોઠારીયારોડ) એ આરોપી તરીકે અજાણ્યાં કારચાલકનું નામ આપ્યું હતું અને જણાવ્યું હતું કે,

તેઓ મજુરી કામ કરી પરિવારનું ગુજરાઅને ચલાવે છે અને સંતાનમા બે પુત્રો અને એક પુત્રી છે. ગઇ તા.૧૧ ના સાંજના સાત વાગ્યાની આસપાસ તે મજુરી કામે થી ઘરે આવેલ ત્યારે તેના પુત્રએ જણાવેલ કે, તેમના પિતા સંજયભાઈ અમુભાઈ અઘોલા (ઉ.વ.૩૯)નું અકસ્માત થયેલ છે અને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડેલ છે. જ્યાં જઈ તેના પતિને બનાવ અંગર પૂછતાં જણાવ્યું હતુ કે, તેઓ રણુંજા મંદિરે બેસવા જવા માટે ઘરેથી નીકળ્યા હતાં અને રોડ ક્રોસ કરતાં હતાં ત્યારે હુડકો ચોકડી તરફથી પુરપાટ ઝડપે આવતા અજાણ્યાં કારચાલકે હડફેટે લેતા ફંગોળાઈને રોડ પર પટકાયો હતો

અને બાજુમાં પડેલ પડેલ લોખંડનો સળિયો પેટમાં ઘુસી ગયો હતો.જ્યાં એકઠાં થયેલ લોકોએ ૧૦૮ મારફતે સારવારમાં ખસેડયો હતો. જ્યાં ચાલુ સારવારે ઈજાગ્રસ્ત સંજયભાઈનું ગત તા.૧૫ ના મોત નીપજ્યું હતું.બનાવની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે અજાણ્યાં કાર ચાલક સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી હતી.

## રાજકોટમાં વૃદ્ધાને વિશ્વાસમાં ગઠિયા સોનાની બંગડી ઉઠાવી ગયા

રાજકોટ,

ગોંડલ રોડ મક્કમ ચોક પાસે સ્વામિનારાયણ ગુરુકુળની સામે જૈન ચાલ બ્લોક નંબર.૩૩ માં રહેતા કશ્યપભાઇ મુકુલભાઇ દોશી(જૈન વાણીયા) (ઉ.વ.૪૧) એ ફરિયાદમાં બે અજાણ્યા શખ્સો વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવી છે.આ અંગે એ ડીવીઝન પોલીસ મથકના એ.એસ.આઇ રાજુભાઈ સોલંકીએ સીસીટીવી ફુટેઝના આધારે તપાસની તજવીજ શરૂ કરી હતી

કશ્યપભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું મારા પરીવાર સાથે રહુ છું. મારા મમ્મી તથા પપ્પા એ મને જણાવ્યું કે અહી આગળ રસોડામાં હું બપોર ના આશરે બારેક વાગ્યાની આસપાસ રસોઇ બનાવતી હતી.તે દરમ્યાન બે અજાણ્યા માણસો આવ્યા હતા અને મને જણાવેલ કે તમારી ટાઇલ્સ કે ધાતુના વાસણને સાફ કરી નવા જેવા કરી આથી મેં ના પાડતા આ એક ભાઇ એ એક ચાંદીનો ગ્લાસ અહી આગળ પડ્યો હોય જે સાફ કરીને મને બતાવેલ કે જોવો કેવો સાફ થઇ ગયો છે. લાવો હવે તમારી બંગળી પણ સાફ કરી આપુ એકદમ નવી થઇ જાશેતેમ કહી મને વિશ્વાસમાં લઇને મે મારા હાથમાં પહેરેલ સોનાની બંગળી હોય જેના ઉપર સફેદ પાઉડર લગાવી હમણા જોવો એકદમ નવી થઇ જાશે બાદ આ મે પહેરેલ બંને બંગળીઓ એક ડબ્બા માં મુકવા માટે જણાવતા આ ડબામાં મે પહેરેલ બંને બંગળીઓ રાખી દઇ ડબ્બો મારી પાસે રાખી દીધી હતી.

# રાજકોટમાં નકલી નોટો ઘુસાડવાના કારસ્તાનનો પર્દાફાશ : પાંચ પકડાયા

## આંગડીયા મારફત જાલીનોટો ધૂસાડી હતી. : તપાસનું પગેરું પૂના બાદ હૈદરાબાદ સુધી લંબાશે : પાંચેય આરોપીઓના ચાર દિવસના રિમાન્ડ મંજૂર



રાજકોટ,

રાજકોટ શહેરના ડો. યાજ્ઞિક રોડ પરની એક્સીંસ બેંકના ભરણામાં આવેલી રૂા. ૫૦૦ના દરની ૩૧ જાલીનોટોના મામલે પોલીસે તપાસ શરૂ કરી સીસીટીવી ફૂટેજને આધારે આગળ વધતાં આ રકમ સોની બજારની આંગડીયા પેઢીમાંથી ઉપાડી બેંકમાં ભરપાઇ કરી જનારને શોધી કાઢતાં જાલીનોટોને ચલણમાં વહેતી કરી દેવાના સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો છે.

રાજુલાના વતની અને હાલ રાજકોટ રહેતો શખ્સર ૨૦ કરોડની કોલ્ડ્રીં કની કંપનીમાં ખોટ ખાઇ ગયો હોઇ તેને નકલી ચલણી નોટોની જરૂર હોવાથી રાજુલાના જ પોતાના મિત્ર મારફત રાજકોટના સોની શખ્સતના સંપકમાં આવ્યોન હતો અને આ સોની બંધુએ જંકશન પ્લોમટમાં રહેતાં અને કાલાવડ રોડ પર પંજાબી ઢાબા ચલાવતાં ગુરપ્રીતસિંઘ નામના શખ્સો સંપર્ક કરાવતાં તેણે પુના રહેતાં પોતાના મામાના દિકરા કમલેશ પાસેથી ૪.૬૫ લાખની નકલી ૫૦૦ના દરની નોટો લાવી ભરત બોરીચાને આપી હોવાનું અને આ લેતીદેતીમાં બીજા ત્રણ પણ સામેલ હોવાનું ખુલતાં પાંચને દબોચી લેવાયા છે. છઠ્ઠા આરોપી પુનાના કમલેશને પણ સકંજામાં લઈ લેવાયો છે.

જાલીનોટોનું પગેરૂ હૈદરાબાદ સુધી પહોંચવાની શક્યેતા છે. અર્થતંત્રને નુકસાન પહોંચાડવાના આ કારસ્તા.નમાં વધુ ચોંકાવનારી વિગતો ખુલવાની વકી છે.

એ-ડિવીઝન પોલીસે આ કૌભાંડમાં ગુરપ્રિતસિંઘ ઘનશ્યા મદાસ કારવાણી (ઉ.વ.૪૭-રહે. જંકશન પ્લો ટ દેના બેંકની સામે), ભરત ઉર્ફ કિશોર મેરામભાઇ બોરીચા (ઉ.વ.૪૦-રહે. નિધી એપાર્ટમેન્ટજ સાધુ વાસવાણી રોડ, મુળ દુર્લભનગર સોસાયટી મહુવા રોડ રાજુલા), વિમલ બિપીનભાઇ થડેશ્વર (ઉ.વ.૩૯-રહે. પેન્ટાકગોન એપાર્ટમેન્ટડ સ્પીલડવેલ પાર્ટી પ્લોજટ સામે), તેના ભાઇ મયુર બિપીનભાઇ થડેશ્વર (ઉ.વ.૪૩-રહે. જંકશન પ્લેનટ-૧૩/૭) તથા ભરતના મિત્ર તેજસ ઉર્ફ ગોપાલ રાજુભાઇ જસાણી (ઉ.વ.૩૦-રહે. નિલકંઠ પાર્ક રામનગર સોસાયટી બાબરા)ની ધરપકડ કરી રૂા. ૫૦૦ના દરની ૫૧૩ જાલીનોટ કબ્જેભ કરી છે. આ પાંચેયના ચાર દિવસના રિમાન્ડબ મળતાં વધુ પુછતાછ શરૂ થઇ છે. છઠ્ઠા આરોપી કમલેશને પણ પુના પોલીસની મદદથી પકડી લેવાયો હોઇ તેને રાજકોટ લાવી વિશેષ પુછતાછ કરાશે.

આ કિસ્સાછમાં વાંકાનેર રહેતાં અને યાજ્ઞિક રોડ પરની એક્સીમસ બેંકમાં ફરજ બજાવતાં તુષારભાઇ સુરેશભાઇ રાવલે એ-ડિવીઝન પોલીસમાં ગત ૧૩/૧/૨૩ના રોજ ફરિયાદ નોંધાવી જણાવ્યુંષ હતું કે અમારી બેંકમાં ૧૩મીએ બપોરે હું મારા ટેબલ પર હાજર હતો કેશીયર આશિષભાઇ બદીયાણીએ મારી પાસે આવી વાત કરી હતી કે એક ગ્રાહક રોકડા રૂપિયા જમા કરાવવા આવેલ છે તેની નોટો ચેક કરતાં અમુક નોટો નકલીહોવાનું જણાય છે. આથી હું ત્યાંત કેશ વિભાગમાં ગયો હતો અને તપાસ કરતાં ખાતેદાર સંદિપ કાંતિલાલ આ રકમ જમા કરાવી ગયાની ખબર પડી હતી.